સુવિચાર

ઘરનાં સભ્યોનો સ્નેહ ડોકટરની દાવ કરતાંય વધુ લાભદાયી હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક




નવાગામની શક્તિસોસાયટીમાં બે પુત્રીઓને ગળાફાંસો આપી મહિલાનો આપઘાત P-4

Year-16, Issue-181 ■ DATE : 14-11-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બિહારમાં ફરી NDAનું શાસન




## RJD - કોંગ્રેસનો સફાયોઃ ૧૯૯ બેઠકો પર NDA જયારે ફકત ૪૪ બેઠકો પર મહાગઠબંધન આગળઃ નીતિશકુમાર બન્યા બિગબોસઃ ભાજપ મોટાભાઈની ભૂમિકામાં

**મુખ્ય સમાચાર, બિહાર**

બિહાર ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થવા લાગ્યા છે. ૨૪૩ બેઠકો માટેના વલણો NDA માટે ક્લીન સ્વીપ સૂચવે છે. NDA ૧૯૮ બેઠકો પર આગળ છે, જ્યારે મહાગઠબંધન ૩૯ બેઠકો પર આગળ છે.

૨૦૨૦ની સરખામણીમાં NDA ૬૫થી વધુ બેઠકો મેળવી રહ્યું છે, જ્યારે મહાગઠબંધન લગભગ એટલી જ બેઠકો ગુમાવી રહ્યું છે.

ગયા વખતે ૪૩ બેઠકો સુધી મર્યાદિત રહેલું JDU આ વખતે ૭૫+ બેઠકો સાથે આગળ છે. આનો અર્થ એ થયો કે નીતિશ કુમાર સરકાર સત્તામાં પાછી આવે તેવી શક્યતા છે અને નીતિશ કુમાર ૧૦મી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લઈ શકે છે. આ દરમિયાન ભાજપ ૯૦ બેઠકો પર લીડ સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહી છે.

મહાગઠબંધનમાં, આરજેડી ૨૯ બેઠકો પર આગળ છે, જ્યારે કોંગ્રેસ ૬૧ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જે ફક્ત ૪ બેઠકો પર આગળ છે. પ્રશાંત કિશોરની જનસુરાજ ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જે ખાતું ખોલવાની શક્યતા ઓછી છે.

મોટા નામોમાં, તેજસ્વી યાદવે ફરી એકવાર રાઘોપુરમાં આગેવાની લીધી છે. તેમના મોટા ભાઈ તેજ પ્રતાપ મહુઆમાં પાછળ છે. સમ્રાટ ચૌધરી તારાપુરમાં આગળ છે. પવન સિંહની પત્ની કરકટમાં પાછળ છે.

અન્ય ઉમેદવારો સાથે અપક્ષો પાંચ અન્ય બેઠકો પર આગળ છે. આ વખતે બિહાર વિધાનસભા ચૂંટણીના બે તબક્કામાં ૬૭.૧૦% મતદાન નોંધાયું હતું. આ એક નવો રેકોર્ડ છે, જે ૨૦૨૦ ની વિધાનસભા ચૂંટણી કરતા લગભગ ૧૦% વધુ છે.

આ વખતે, રાજ્યભરની ઘણી બેઠકો પર તીવ્ર સ્પર્ધાની અપેક્ષા છે, પરંતુ બધાની નજર એવી બેઠકો પર રહેશે જ્યાં પાછલી ચૂંટણીમાં જીત અને હારનું અંતર ખૂબ જ ઓછું હતું.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં, ૧૧ બેઠકો પર જીત અને હારનું અંતર ૧,૦૦૦થી ઓછું હતું, જ્યારે ૧૧ બેઠકો પર, અંતર ૨,૦૦૦થી ઓછું હતું. આનો અર્થ એ થયો કે કુલ ૨૨ બેઠકો પર મતનું અંતર એટલું ઓછું હતું કે માત્ર થોડા બૂથના પરિણામોમાં ફેરફાર પરિણામને સંપૂર્ણપણે બદલી શકે છે.

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે ભાજપ બિહારમાં વાપસી કરી રહ્યું છે અને પમિ બંગાળમાં સરકાર બનાવવા માટે લાઇનમાં છે. બિહાર વિધાનસભા ચૂંટણીની મતગણતરી દરમિયાન, ગિરિરાજ સિંહે આજતકને કહ્યું, બિહારની જીત આપણી છે, હવે બંગાળનો વારો છે.

તેમણે વધુમાં કહ્યું, આપણે બંગાળમાં પણ જીતીશું; ત્યાં અરાજકતાની સરકાર છે. તેજસ્વી યાદવે ચૂંટણી પંચ પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા વિના ૧૮મી તારીખ પણ નક્કી કરી. તેમને રાંચી અને આગ્રાથી પરત ફરેલા માનવામાં આવશે. તેમની આગાહી એવા સમયે આવી છે જ્યારે બિહાર ચૂંટણીમાં જંગી જીત તરફ આગળ વધી રહ્યું છે.

# દિલ્હીમાં પ્રદુષણ સામે માસ્ક પણ પુરતુ નથીઃ સુપ્રીમ

### વરિષ્ઠ વકીલોએ સુનાવણીમાં વર્ચ્યુઅલ હાજર રહેવું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શીયાળાની શરૂઆત થતા દિલ્હીમાં પ્રદૂષણના જોખમી સ્તરે પહોંચ્યું છે. નિષ્ણાતોએ લોકોને સલાહ આપી છે કે બની શકે તો થોડા મહિના માટે દિલ્હીની બહાર સ્થળાંતર કરી લે. એવામાં સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં પ્રદૂષણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે હવે ફક્ત માસ્ક પહેરવું પૂરતું નથી. કોર્ટે વરિષ્ઠ વકીલોને સુનાવણીમાં વર્ચ્યુઅલી હાજર રહેવા કહ્યું.

ન્યાયાધીશ પીએસ નરસિંહાએ વરિષ્ઠ વકીલોને કહ્યું કે, દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સ્થિતિને ખૂબ જ ગંભીર છે, જ્યારે વીડિયો કોન્ફરન્સિંગ સુવિધા ઉપલબ્ધ હતી તો વરિષ્ઠ વકીલો શા માટે કોર્ટરૂમમાં હાજર થયા. વાયુ પ્રદૂષણને કારણે કાયમી શારીરિક નુકસાન થઇ શકે છે.

ન્યાયાધીશ પીએસ નરસિંહા કહ્યું, હવે માસ્ક પણ પૂરતા નથી. અમે મુખ્ય ન્યાયાધીશ સાથે પણ આ ચર્ચા કરીશું. દિલ્હીમાં એર ક્વોલીટી સતત ત્રીજા દિવસે 'ગંભીર' શ્રેણીમાં પહોંચ્યો હતો, ધુમ્મસની ચાદર છવાયેલી દેખાઈ હતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, બવાનામાં સવારે ૮ વાગ્યે સૌથી વધુ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૪૬૦ નોંધાયો હતો.

દિલ્હીમાં ઊંચા AQIને કારણે લોકોના સ્વાસ્થ્યને ગંભીર જોખમ ઉભું થયું છે, એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૩માં દિલ્હીમાં થયેલા કુલ મૃત્યુમાંથી સાતમાં ભાગના મોત વાયુ પ્રદુષણને કારણે થયા હતાં.

દિલ્હીમાં સતત બગડતી રહેલી હવાની ગુણવત્તાને ધ્યાનમાં લઇને સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણાને પરાળી બાળવાને રોકવા માટે લેવામાં આવેલા પગલાં અંગે વિગતવાર ડેટા રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# નિતીશકુમારનો રોકડ ટ્રાન્સફરનો માસ્ટર સ્ટ્રોક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ફરી એકવાર ની સરકાર બનવા જઈ રહી છે. ચૂંટણી પહેલાં સત્તા વિરોધી લહેર અને મહાગઠબંધન દ્વારા 'કમજોર કડી' તરીકે ચીતરાઈ ગયેલા નીતિશ કુમારે ચૂપચાપ અનોખી વ્યૂહનીતિ અપનાવીને બાજી પલટી નાખી છે. એ ભાજપ કરતાં વધુ બેઠકો જીતીને સાબિત કર્યું છે કે બિહારના મતદારોનો વિશ્વાસ હજી પણ 'સુશાસન બાબુ' પર અકબંધ છે.

NDAની આ જીતમાં સૌથી મોટો માસ્ટરસ્ટ્રોક ચૂંટણીની જાહેરાત પહેલાં બિહાર સરકાર દ્વારા કરવામાં આવેલું ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર હતું. ચૂંટણીની જાહેરાત પહેલાં બિહાર સરકારે ૭૫ લાખ મહિલાઓના ખાતામાં સીધા ૧૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજનાનો પ્રારંભ કર્યો હતો. લાભાર્થી મહિલાઓની સંખ્યા ઝડપથી ૧ કરોડને વટાવી ગઈ. મહાગઠબંધને આ રકમને લોન કે ગ્રાન્ટ ગણાવીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો, પરંતુ મતદારો પર તેની કોઈ અસર થઈ નહીં.

ડાયરેક્ટ કેશ ટ્રાન્સફરનો આ સફળ પ્રયોગ મધ્ય પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં પણ સફળ રહ્યો છે. તેજસ્વી યાદવે જીવિકા દીદીઓ માટે ૩૦,૦૦૦ રૂપિયા પગાર અને સરકારી નોકરીની જાહેરાતો કરી, પણ લોકોએ વચન કરતાં રસીદ (પાછળના લાભો) પર વધુ વિશ્વાસ મૂક્યો.

નીતિશ કુમારની જીતમાં મહિલા મતદારોએ નિર્ણાયક ભૂમિકા ભજવી છે, જેનું મુખ્ય કારણ દારૂબંધી છે. ૨૦૧૫ની ચૂંટણીમાં મહિલા કાર્યક્રમમાં માંગ ઉઠતા નીતિશ કુમારે સત્તામાં પાછા ફરવા પર સંપૂર્ણ દારૂબંધી લાગુ કરવાનું વચન આપ્યું હતું, જે તેમણે પૂરું કર્યું. દારૂબંધીના અમલ પર સવાલો ઊભા થયા હોવા છતાં, નીતિશ કુમાર અડગ રહ્યા. પ્રશાંત કિશોરે સરકાર બનવા પર દારૂબંધી ખતમ કરવાની વાત કરી હતી. જો કે, જનાદેશ સ્પષ્ટ દર્શાવે છે કે બિહારના લોકો, ખાસ કરીને મહિલાઓ, દારૂબંધી યથાવત્? રહે તેવું ઇચ્છે છે.

૨૦૦૨થી નીતિશ કુમારે લોકોમાં 'સુશાસન બાબુ' તરીકેની જે છબી બનાવી છે, તે પરિણામોમાં સ્પષ્ટપણે જોવા મળી છે. બિહારમાં વીજળી વ્યવસ્થામાં સુધારો અને રાજ્યના દરેક ખૂણા સુધી પહોંચતા સારા રસ્તાઓએ લોકોને વિશ્વાસ અપાવ્યો કે વિકાસની ગતિ ચાલુ રહેશે.

ચૂંટણી પહેલાં હત્યાની ઘટનાઓથી કાયદો અને વ્યવસ્થા અંગે સવાલો ઊભા થયા હતા, પરંતુ



નીતિશ કુમારે ભાજપ સાથે મળીને 'જંગલ રાજ'ની યાદ અપાવી અને વિપક્ષના આ મુદ્દાને તટસ્થ કરી દીધો. આ ઉપરાંત નીતિશ કુમારની છબી 'પલટુ રામ' તરીકે બનાવવામાં આવી હોવા છતાં, તેમના કાર્યના આધારે નેતાએ બધા સવાલોના જવાબ આપી દીધા છે.

# રેશનકાર્ડ સાથે આધારલીંક કરવાની વાંધા અરજી ફગાવતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુરૂવાર, ૧૩ નવેમ્બરે ગુજરાત હાઈકોર્ટમાં એક નોંધપાત્ર કાર્યવાહી જોવા મળી, જ્યાં ગુજરાત ફેર પ્રાઇસ શોપ ઓનર્સ એસોસિએશન દ્વારા-તેના ચેરમેન પ્રહલાદ મોદી મારફતે-રેશન કાર્ડને આધારમાં લિંક કરવાની રાજ્ય સરકારની ફરજિયાત શરતને પડકારતી અરજી દાખલ કરવામાં આવી હતી. કોર્ટએ સ્પષ્ટપણે જણાવી દીધું કે કોઈ રાહત આપવામાં આવશે નહીં, ત્યારબાદ એસોસિએશને અરજી પાછી ખેંચી લીધી.

એસોસિએશને નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ, ૨૦૧૩ હેઠળ લાભાર્થીઓ માટે આધારમાં ઑથેન્ટિકેશન ફરજિયાત કરવાની રાજ્ય સરકારની કાર્યવાહી પર પ્રશ્નો ઊભા કર્યા હતા-જે સબસિડાઇઝ્ડ અનાજના પારદર્શક અને લીક-પ્રૂફ વિતરણ માટે રાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત વ્યવસ્થા છે.




જોકે સૌથી વધુ ચકિત કરનાર બાબત એ હતી કે આ પડકાર કોઈ વાસ્તવિક લાભાર્થીઓ તરફથી નહોતો, પરંતુ જાહેર વિતરણવ્યવસ્થાના મધ્યવર્તી ફેર પ્રાઇસ દુકાનધારકો તરફથી આવ્યો હતો-જ્યારે સમગ્ર ગુજરાતમાં આધાર-લિંકિંગની પ્રક્રિયા સરળતાથી અને વ્યાપક રીતે ચાલી રહી છે.

કાર્યવહી દરમિયાન રાજ્ય સરકાર તરફથી સરકારના વકીલ જી.એચ. વિર્ક હાજર રહ્યા હતા. તેમણે આ અરજીનો કડક વિરોધ કર્યો હતો અને તેને શરારતી કેસ ગણાવ્યો હતો, કારણ કે એકપણ રેશનકાર્ડ ધારકે આધાર લિંકિંગને લઈને કોઈ વાંધો વ્યક્ત કર્યો નથી.

તેમણે જણાવ્યું કે આધાર ઑથેન્ટિકેશન નકલી રેશન કાર્ડ, ભૂતિયા લાભાર્થી અને સબસિડાઇઝ્ડ અનાજના ગેરવહેચાણને રોકવા માટે પ્રમાણિત સાધન છે અને રાજ્ય સરકાર જાહેર વિતરણવ્યવસ્થાને વધુ પારદર્શક અને જવાબદાર બનાવવા પોતાની કાનૂની ફરજ નિભાવી રહી છે. રાજ્યએ આધાર લિંકિંગ અભિયાન ઊંચી અનુપાલન સાથે ચાલી રહ્યું છે.

અત્યાર સુધી કોઈ પણ લાભાર્થીએ તેની સામે વાંધો કર્યો નથી. ન્યાયમૂર્તિ અનિદ્ધ પી. માયેએ નોંધ્યું કે નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ પરથી ઊભેલી નીતિમાં કોર્ટ દખલ કરવાનું કોઈ કારણ દેખાતું નથી, ખાસ કરીને ત્યારે જ્યારે જેને લઇને અધિકારોનું ઉલ્લંઘન થતું હોવાનું કહેવાય છે તે લોકો કોર્ટમાં આવ્યા જ નથી. કોર્ટ કોઈ રાહત આપવા તૈયાર નથી એવું સ્પષ્ટ કરતા એસોસિએશને અરજી પાછી ખેંચવાની માંગણી કરી.

અંતે અરજી પરત લેતા રાજ્ય સરકારની સ્થિતિ વધુ મજબૂત બની છે અને રેશન-કાર્ડ-આધાર લિંકિંગના અભિયાનને સતત અને નિરાંતે આગળ વધવા માટે માર્ગ મોકળો થયો છે-એક એવું પગલું જે સબસિડાઇઝ્ડ અનાજ સાચા હકદાર સુધી નિર્ધારિત અને લીક-પ્રૂફ રીતે પહોંચાડવા માટે અત્યંત જરૂરી માનવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળો જામ્યોઃ ગીરનાર પર ૯ ડીગ્રી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હવે ધીમે ધીમે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. મોડી રાત્રીના અને વહેલી સવારે ઠંડીની વધુ અસર બાદ બપોરના સમયે ગરમીની અસર વધુ અનુભવાય છે. આજે ગિરનાર પર્વત ઉપર ૯ ડિગ્રી, નલીયામાં ૧૩.૫, રાજકોટમાં ૧૪.૬, જામનગરમાં ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. જુનાગઢ સહિત જિલ્લામાં આજે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૭૨% થઈ જતા ઠાર વધ્યો હતો અને જેની સાથે ઠંડીનું મોજુ પણ ફરી વળ્યું હતું. ગઈકાલે જુનાગઢનું લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી રહ્યા બાદ આજે પણ સતત બીજા દિવસે પણ સવારે ૧૪ ડિગ્રી ઠંડી રહી હતી. ગિરનાર પર્વત પર લઘુત્તમ તાપમાનનો પારો ૯ ડિગ્રીએ સ્થિર રહ્યો જેના પરિણામે ગિરનાર પર્વત અને જંગલ વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૨%રહેવાની સાથે સવારથી પવનની ઝડપ ૧.૭ કિલોમીટરની રહેતા વાતાવરણ વધુ ઠંડુગાર થઈ ગયું હતું.

ખંભાળીયામાં શિયાળાની શરૂઆતનો પ્રથમ મહીનો કારતક માસ હવે પૂર્ણ થવાની તૈયારીમાં છે ત્યારે ખંભાળિયા સહિત દ્વારકા જિલ્લામાં ધીમી તથા મક્કમ ગતિએ ઠંડીનું સામ્રાજય જામવા લાગ્યું છે. વહેલી સવારે તથા રાત્રે ૨૨ જેટલું તાપમાન રહેતુ હતું તે ગઇકાલે સવારે ૧૮ જેટલું થઇ જતા વહેલી સવારે નીકળતા દુધવાળા, શાકવાળા તથા શાળામાં સજ્જ થઇને નીકળવા લાગ્યા છે તો શીયાળાની ટાઢ ઉડાડવા કયાંક કયાંક તાપણા પણ શરૂ થઇ ગયા છે. જો કે ગત વર્ષે વધુ ઠંડી પડેલી ન્હોતી. જયારે આ વખતે શરૂઆતથી જ તાપમાન ૧૮ ડીગ્રી જેટલું થઇ જતા આ વખતે વધુ ઠંડી પડવાની પણ સંભાવના મનાય છે.



બારા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાણમાન ૧૬ સે.ગ્રે. મહત્તમ ૩૧. સે.ગ્રે. ભેજનું પ્રમાણ ૭૦ ટકા અને પવનની ગતિ કિ.મી. રહી છે.

# મનસુખભાઈ માંડવીયા અને અર્જુનભાઈ મોઢવાડીયાના હસ્તે લીલી ઝંડી બતાવીને રાજકોટ-પોરબંદર ટ્રેનનું પ્રસ્થાન

### ટ્રેનની મુસાફરીનો લ્હાવો લેતા મહાનુભાવોઃ મંત્રીઓનું વિવિધ સ્ટેશન પર અભિવાદન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારત સરકારના શ્રમ, રોજગાર, યુવા બાબત અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ૧૭૩ વર્ષ પહેલાં ભારતમાં થાણે-મુંબઈ વચ્ચે પહેલી ટ્રેનનો પ્રારંભ થયો હતો. પહેલાં કોયલા, પછી ડીઝલ અને હવે ઇલેક્ટ્રિકથી ટ્રેનો ચાલે છે. પાછલા દશકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના હિતાર્થે દૂરંદેશીભર્યા પગલાં લીધા છે. જેથી, અનેક ક્ષેત્રોની સાથે રેલ્વેમાં પણ સકારાત્મક પરિવર્તન આવ્યા છે. નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યા બાદ રેલ્વે સ્ટેશનો પરથી ગંદકી દૂર થઈ, ટ્રેનો નિયત કાર્યક્રમ મુજબ સમયસર ચાલવા માંડી, ઓનલાઇન ટીકીટની સુવિધા ઉપલબ્ધ થઈ છે. આજે દરેક રાજ્યમાં વંદે ભારત ટ્રેન પહોંચી છે. રેલ્વે દેશના લાખો ગામોને જોડતું સરળ અને સસ્તું માધ્યમ છે. રાજકોટ-પોરબંદર ટ્રેનના લીધે ધોરાજી-ઉપલેટા પંથકના લોકોને, ખાસ કરીને રોજગાર મેળવવા રાજકોટ અપડાઉન કરતા નાગરિકોને સરળતા રહેશે તેમજ મોટાભાગની ટ્રેનો રાજકોટ જંકશનથી અન્ય રાજ્યોમાં જતી હોવાથી મુસાફરોને ટ્રેનની ઉપલબ્ધતા સુલભ બનશે.




ગુજરાત સરકારના વન-પર્યાવરણ, સાયન્સ એન્ડ ટેકનોલોજી અને કલાઈમેટ ચેન્જ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કહ્યું હતું કે મજબૂત લોકપ્રતિનિધિત્વના કારણે રાજકોટ-પોરબંદર ટ્રેન મળી છે. જેથી, આજે સૌરાષ્ટ્ર માટે ખુશીનો દિવસ છે. વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી પદે નરેન્દ્રભાઈ મોદી શોભાયમાન થયા બાદ દેશમાં વિશ્વકક્ષાના અત્યાધુનિક રેલવે પ્લેટફોર્મ બન્યા છે અને સુવિધાસભર ટ્રેનો નિર્માણ પામી રહી છે. બાયોટોયલેટ ઇન્ટ્રોડ્યુસ કર્યા છે, પ્લેટફોર્મ ચોખ્ખાંચણાક બન્યા છે. આમ, વડાપ્રધાન દેશને સુચારૂ રીતે ચલાવવાની સાથેસાથે દેશમાં આવશ્યક પરિવર્તન લાવવાનું કાર્ય પણ કરી રહ્યા છે. રાજકોટ-પોરબંદર ટ્રેનનું ભાડું માત્ર ૪૫ રૂ. હોવાથી વિદ્યાર્થી અને નોકરીયાત વર્ગને આ ટ્રેન નજીવા દરે ઉપયોગી બનશે.

આ પસંગે રાજકોટ ડિવિઝન ડી.આર.એમ. ગિરિરાજકુમાર મીનાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. સાંસદો રામભાઈ મોકરીયા અને પૂનમબેન માડમે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન જનસંપર્ક નિરીક્ષક વિવેકભાઈ તિવારીએ કર્યું હતું. નોંધનીય છે કે મંત્રીઓ રાજકોટથી પોરબંદર ટ્રેનમાં જતાં, તેમનું વિવિધ સ્ટેશન પર અભિવાદન કરાયું હતું.

# દિલ્હી કાર બ્લાસ્ટમાં આકરી કાર્યવાહીઃ ડો. ઉંમરનું ઘર બૉંબથી ઉડાવી દેવાયું

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટનાં મામલામાં મોટા એકશન બહાર આવ્યા છે. પુલવામામાં સુરક્ષા દળોએ દિલ્હી બ્લાસ્ટનાં આરોપી આતંકી ઉંમર મોહમ્મદ ઉર્ફે ઉંમર ઉલ નબીનાં ઘરને આઈઈડીથી ઉડાવી દીધુ છે.

ઉંમર મોહમ્મદ એ આતંકી છે જે ફરીદાબાદથી દિલ્હી પહોંચીને લાલ કિલ્લાની બહાર કાર બ્લાસ્ટમાં સામેલ હતો. ઉંમર ઉન નબી દિલ્હી બ્લાસ્ટ બાદથી ફરાર છે અને સુરક્ષા એજન્સીઓ તેની તલાસીમાં લાગી છે.ધમાકા બાદ તેના પરિવારની પૂછપરછ કરવામાં આવી રહી છે.

પુલવામામાં તેનુ ઘર ચિહીન્ત કરીને ધ્વસ્ત કરી દેવામાં આવ્યું. પોલીસ સતત તેના પરિવારની પૂછપરછ કરી રહી છે. જેથી તેનાં નેટવર્ક અને સહયોગીઓનો પતો મળી શકે. સુરક્ષા એજન્સીઓએ બતાવ્યુ હતુંકે પુલવામાં સ્થિત ઉંમરના ઘરને ધ્વસ્ત કરવાના ઉદેશથી આતંકીઓ અને તેમને મદદ કરનારાઓને સખ્ત સંદેશ આપવાનો છે.



દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા ભીષણ કાર બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ મનાતા ડો. ઉમર મોહમ્મદ વિરૂધ્ધ સુરક્ષા એજન્સીઓએ મોટી કાર્યવાહી કરી છે. આતંકવાદ વિરૂધ્ધ ચાલી રહેલી કડક મુહિમના ભાગરૂપે, સુરક્ષા દળોએ શુક્રવારે ડો. ઉમરના પુલવામા સ્થિત ઘરને નિયંત્રિત IED વિસ્ફોટથી ધ્વસ્ત કરી દીધું છે.

સુરક્ષા દળોએ આ ઓપરેશનને અંજામ આપતા પહેલા સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને સંપૂર્ણ સાવચેતી સાથે આ કાર્યવાહી પૂરી કરી હતી. આ પગલું આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ તત્વોને કડક સંદેશ આપવા માટે લેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ડો. ઉમર મોહમ્મદ દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટનો મુખ્ય આરોપી છે. આ બ્લાસ્ટમાં ૧૨ લોકોના મોત થયા હતા. તપાસ એજન્સીઓ એ પણ તપાસ કરી રહી છે કે બ્લાસ્ટમાં ડો. ઉમરનું મોત થયું છે કે તે ભાગી ગયો છે, જેના માટે તેની માતાના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ મોટી કાર્યવાહી એ જ તપાસનો એક ભાગ છે.

# મોરબીની માધાપરવાડી કન્યા શાળામાં દિકરીના જન્મ નિમિતે ઉજવણી, પ્રિન્સિપાલ દિનેશભાઈ વડસોલા દ્વારા ૪૦૦ બાળાઓને અલ્પાહાર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળાના પ્રિન્સિપાલ દિનેશભાઈ વડસોલાના ઘરે દિકરાને ત્યાં દિકરીનો જન્મ થતા દાદા બનવાની આનંદભેર ઉજવણી શાળામાં પણ જોવા મળી હતી. શાળાની ૪૦૦ બાળાઓ ઉપરાંત શિક્ષકો, માર્ગદર્શકો અને સાયન્સના વિદ્યાર્થીઓ એમ મળી કુલ ૫૦૦ લોકો માટે ભેળનો અલ્પાહાર કરાવી દિકરી જન્મના વધામણાં કરવામાં આવ્યા હતા.

મોરબીની પ્રતિષ્ઠિત અને પ્રધાનમંત્રી રાઈઝિંગ સ્કૂલ ઓફ ઈન્ડિયા તરીકે જાણીતી પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળામાં હંમેશાં શિક્ષણ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. શાળાની દિકરીઓને શાળાનું વાતાવરણ ભાવતું રહે અને શિક્ષણ પ્રત્યે રસ વધે એ હેતુસર આનંદના પ્રસંગે વિશેષ ભોજન કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. એ અન્વયે શાળાના પ્રિન્સિપાલ તથા શૈક્ષિક મહાસંઘના જીલ્લા અધ્યક્ષ અને મુખ્ય શિક્ષક સંઘના રાજ્ય ઉપાધ્યક્ષ દિનેશભાઈ વડસોલાના ઘરે દિકરાના ધર્મપત્ની, આંખના સર્જન ડો. તરૂણ વડસોલા અને એમ.ડી. ડો. પ્રેક્ષા વડસોલાના ઘરે લક્ષ્મી સ્વરૂપે દિકરીના જન્મની પધરામણી નિમિતે તેમજ દાદા બનવાની આ ખુશીમાં દિનેશભાઈ વડસોલાએ શાળાની ૪૦૦ જેટલી દિકરીઓ, સીઆરસી સ્તરની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ઉપસ્થિત રહેલા માર્ગદર્શક શિક્ષકો, બાળ વૈજ્ઞાનિકો અને બંને શાળાના શિક્ષકો એમ કુલ મળી લગભગ ૫૦૦ લોકોને ભેળનો અલ્પાહાર કરાવ્યો હતો. શાળામાં છવાયેલા આનંદ અને હર્ષનો માહોલ સૌએ માણ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ દિકરીના મહિમાનો ભાવસભર ઉલ્લેખ કરતા જણાવ્યું કે, દિકરી એ સૂર્ય જેવા તેજવાળી, ચંદ્ર જેવી શીતળતા ધરાવતી, મોર જેવા મધુર કંઠની માલિક, વાત્સલ્યથી ભરપૂર અને પુષ્પની જેમ સુગંધ ફેલાવતી એક અજોડ સર્જન છે. મેઘધનુષના રંગો જેનામાં રમ્યા છે અને જગતના શ્રેષ્ઠ સર્જનમાંની એક હોવા છતાં નમ્રતા અને સમર્પણનું પ્રતિબિંબ જ દિકરી છે. આમ, દિકરીના જન્મની આ આનંદમય ઉજવણી માત્ર એક પરિવાર પુરતી ન રહી, પરંતુ સમગ્ર શાળાએ મળીને આ સ્નેહસભર પ્રસંગને યાદગાર બનાવી દીધો હતો.

# મોરબીના બહાદુરગઢ ગામે ક્રેટા કારમાંથી ઈંગ્લીશ દારૂની ૩૬૦ બોટલ ઝડપાઇ, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બહાદુરગઢ ગામની સીમ મોરબી-માળીયા હાઈવે બહાદુરગઢના બસ સ્ટેન્ડ સામે હુન્ડાઇ ક્રેટા કારમાંથી ઇંગ્લીશ દારૂની ૩૬૦ નંગ બોટલ કિ.રૂ. ૪,૬૮,૦૦૦/- મળી આવી હતી, તાલુકા પોલીસની રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેઓને ફરાર દર્શાવી પોલીસે ક્રેટા કાર સહિત કુલ કિ.રૂ. ૯.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.




મોરબી તાલુકા પોલીસ મથકના સર્વેલન્સ ટીમ પ્રોહી. અને જુગાર અંગે પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, એક સફેદ કલરની હુન્ડાઇ ક્રેટા કાર નંબર જીજે-૦૭-ડીડી-૪૫૫૫ વાળીમાં ઇંગ્લીશ દારૂ ભરી કચ્છ તરફથી મોરબી તરફ નીકળનાર હોય જે હકીકત આધારે તાલુકાના બહાદુરગઢ ગામ નજીક ઉપરોક્ત ક્રેટા કાર મળી આવી હતી. ત્યારે કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૩૬૦ નંગ બોટલ કિ.રૂ.૪.૬૮ લાખ મળી આવી હતી. રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેમને વોન્ટેડ જાહેર કરી તાલુકા પોલીસે વિદેશી દારૂ તથા ક્રેટા કાર સહિત રૂ.૯.૬૮ લાખનો મુદ્દામાલ જાઓટ કરી આરોપીઓને પજળી લેવા તપાસની તજવીજ સગરુ કરી છે.

# સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષા તરીકે ધનેશ્રીબેન ભટ્ટની નિમણૂક

**મુખ્ય સમાચાર, મોરબી**

અખિલ ભારતીય અધિવેશન, કોઇમ્બતુરમાં સંસ્કૃત ભારતીનાં સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષ તરીકે ધનેશ્રીબેન ભટ્ટની નિમણૂકની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સંસ્કૃત સેવાઓમાં લાંબા સમયથી જોડાયેલા ધનેશ્રીબેનના વૈશ્વિક યોગદાનને ધ્યાનમાં રાખી કરવામાં આવેલી આ નિમણૂકથી સૌરાષ્ટ્રમાં સંસ્કૃતપ્રેમીઓમાં આનંદનું મોજું છવાઈ ગયું છે.

કોઈમ્બતુર ખાતે યોજાયેલા અખિલ ભારતીય અધિવેશનમાં સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષા તરીકે શ્રીમતી ધનેશ્રીબેન ભટ્ટની નિમણૂક કરવામાં આવી હોવાનું જાહેર થતાં સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યકર્તાઓમાં હર્ષની લાગણી ફેલાઈ છે. અધિવેશનમાં સૌરાષ્ટ્ર પ્રાંત તરફથી ૩૪ કાર્યકર્તાઓએ હાજરી આપી હતી, જેમાં ૮ સંસ્કૃત પરિવારો પણ સામેલ રહ્યા હતા. સંસ્કૃત નિરાગીઓનો ભવ્ય મહાસંગ્રહ બનેલા આ અધિવેશનમાં દેશ-વિદેશના સંસ્કૃતપ્રેમીઓ, વિદ્વાનો, શિક્ષણવિદો અને સંસ્કૃતિ રક્ષકોએ




ઉમંગભેર ભાગ લીધો હતો. ધનેશ્રીબેન ભટ્ટ સંસ્કૃત ભારતીનાં કાર્ય સાથે શરૂઆતથી જ સક્રિયપણે જોડાયેલા છે. સામાન્ય નગર સંયોજકથી શરૂ કરેલો તેમનો સેવાઆરંભ પ્રાંત સ્તરે દાયિત્વ નિભાવવા સુધી પહોંચ્યો છે. ખાસ વાત એ છે કે ૨૦૧૨થી ૨૦૨૪ દરમિયાન તેમણે કેનેડામાં રહીને સંસ્કૃત ભાષાના પ્રચાર અને સંસ્કૃતિના સંવર્ધન માટે નોંધપાત્ર સેવાઓ આપી છે. વિદેશની ધરતી પર સંસ્કૃતના મૂલ્યોને સ્થાપિત કરવા અને વૈશ્વિક સ્તરે સંસ્કૃત ભારતીનો વ્યાપ વધારવામાં તેમનું યોગદાન વિશિષ્ટ રહ્યું છે. તેમનો અનુભવ, સમર્પણ અને કાર્યશૈલી સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યકર્તાઓ માટે પ્રેરણાદાયી બની રહેશે. ઉપાધ્યક્ષા તરીકેની નવી ભૂમિકામાં તેઓ સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંગઠનના વિસ્તરણ અને યુવા પેઢીને સંસ્કૃત સાથે જોડવાના કાર્યને વધુ વેગ આપશે એવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

આ પ્રસંગે સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ સુકાન્ત સેનાપતિજી, પ્રાંત મંત્રી પંકજભાઈ ત્રિવેદી, સહમંત્રી પ્રણવભાઈ રાજ્યગુરુ, ટ્રસ્ટીગણ વિઠ્ઠલભાઈ વાગડિયા, વલ્લભભાઈ સીદપરા, પંકજભાઈ પાંચાણી તથા અન્ય અનેક પ્રાંત ગણના સભ્યો અને કાર્યકર્તાઓએ ધનેશ્રીબેન ભટ્ટને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંત ધનેશ્રીબેનના નેતૃત્વમાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સાંસ્કૃતિક જાગૃતિના કાર્યોને નવી ઊંચાઈએ પહોંચાડશે તેવું પ્રાંત પ્રચાર પ્રમુખ ડો. કિશોરભાઈ શેલડીયાની યાદીમાં જણાવ્યું છે.

# મોરબીમાં વધુ એક જમીન કૌભાંડનો પર્દાફાશ બે આરોપી સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં જમીન સંબંધિત વધુ એક મોટું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં વજેપર ગામે સર્વે નં. ૭૬૭ પૈકી ૨ ની મિલકત પર ખોટા આધારકાર્ડ, પાનકાર્ડ અને વારસાઈ આંબો જેવા દસ્તાવેજો બનાવી જમીન વેચવાનો પ્રયાસ કરતાં બે વ્યક્તિઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા મુજબ ગુનો નોંધાયો છે.

મોરબીમાં ઉપરા છાપરી જમીન કૌભાંડ વચ્ચે વધુ એક જમીન કૌભાંડ સામે આવ્યું છે, જેમાં મોરબી રાફડાની વાડી, શનાળા રોડ ઉપર રહેતા બાબુભાઈ તળશીભાઈ ભગવાનજીભાઈ ચાવડાએ મોરબી પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી અમિતભાઈ મોહનભાઈ પરમાર રાધા પાર્ક, નવા બસસ્ટેન્ડ પાછળ મોરબી અને દર્શીતભાઈ પ્રવીણભાઈ મેવાડા રહે.લાયન્સનગર મોરબી વાળાએ સાથે મળીને ખોટા દસ્તાવેજો બનાવી જમીન વેચવાનો મહાપ્લાન રચ્યો હતો. જેમાં ફરિયાદી બાબુભાઇના પિતાજી તળશીભાઈ ભગવાનજીભાઈ સતવારાની માલિકીની વજેપર સર્વે નં. ૭૬૭ પૈકી ૨ ની જમીન કોઈ મિલકતધારક મીલનભાઈ પ્રકાશભાઈ ફુલતરીયાને વેચાણ કરવાની વાત કહી આરોપીઓએ ખોટી ઓળખ રજૂ કરી હતી. આ માટે આરોપીઓએ ફરીયાદીના પિતાના નામે બનાવટી આધાર કાર્ડ, પાન કાર્ડ અને ખોટો વારસાઈ આંબો તૈયાર કર્યો હતો. અમિતભાઈ પરમારે તો પોતાનો ફોટો ધરાવતું ડુપ્લિકેટ આધારકાર્ડ અને પાનકાર્ડ બનાવી તળશીભાઈ નામ ધારણ કરીને તેને મૂળ દસ્તાવેજ તરીકે ઉપયોગમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર ગોટાળાનો પર્દાફાશ ત્યારે થયો, જ્યારે જમીન ખરીદવા આવેલા મીલનભાઈ ફુલતરીયાને દસ્તાવેજો ડુપ્લિકેટ અને શંકાસ્પદ લાગી આવતાં તેમણે ઘટનાની જાણ ફરિયાદી બાબુભાઇને કરી હતી. ફરિયાદી અને તેમના પરિવારજનો તથા સાક્ષીઓએ સ્થળ પર હાજર રહી આરોપીને પૂછપરછ કરતા સ્વીકાર્યું કે ખોટા દસ્તાવેજો આરોપી દર્શીતભાઈ મેવાડાએ આપ્યા છે અને ડીલ માટે તેમને રૂ. અઢી લાખ અપાશે તેવી વાત કરવામાં આવી હતી. ત્યારે શંકાસ્પદ પરિસ્થિતિ સર્જાતાં ૧૧૨ ઇમરજન્સી પર કોલ કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન બે અજાણ્યા યુવાનો મોટરસાયકલ જીજે-૦૩-એચએમ-૬૨૧૦ માં આવી આરોપી અમિતભાઈને જબરદસ્તી લઈ જવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં, પરંતુ હાજર લોકોએ તેનો વિરોધ કરતાં બંને સ્થળ પરથી ફરાર થઈ ગયા. ત્યારબાદ આવેલા - વાન દ્વારા આરોપી અમિતભાઈ પરમારને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી અમિતભાઈ પાસેથી મેળવેલા બધા જ બનાવટી દસ્તાવેજોમાં ખોટું આધારકાર્ડ, પાનકાર્ડ, વારસાઈની નકલ, મોબાઈલ ફોન તેમજ તેના મૂળ દસ્તાવેજો જપ્ત કર્યા છે. બંને આરોપીઓએ કાવતરૂ રચી જમીન વેચાણની છેતરપીંડી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં નોંધાવતા હાલ પોલીસે બન્ને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૧(૨), ૩૧૯, ૩૩૭, ૩૩૮ અને ૩૪૦(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિતે મનપા દ્વારા શ્રમદાન અભિયાન




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મજયંતિ નિમિતે ગઈકાલ તા.૧૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ મહારાણા પ્રતાપ સર્કલથી ત્રાજપર ચોકડી સુધી સ્વચ્છતા અભિયાનરૂપે વિશાળ શ્રમદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કમિશ્નરથી લઈને સ્વચ્છતા સખી મંડળ સુધીના ૩૦૦ જેટલા લોકો જોડાયેલા આ અભિયાન દરમિયાન ૧૫ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

મોરબી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે તા. ૧૩ નવેમ્બરના રોજ શહેરમાં વિશાળ સ્તરે શ્રમદાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહારાણા પ્રતાપ સર્કલથી ત્રાજપર ચોકડી સુધીના માર્ગ પર યોજાયેલા આ સ્વચ્છતા અભિયાનમાં મ્યુનિ. કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર, મહાનગરપાલિકાનો સ્ટાફ, ટીચર્સ એસોસીએશન તથા સ્વચ્છતા સખી સહિત કુલ અંદાજે ૩૦૦ લોકો સક્રિય રીતે જોડાયા હતા. સ્વચ્છતા અભિયાનને અસરકારક બનાવવા માટે સંસ્થાએ સાધન સામગ્રીનો પૂરતો ઉપયોગ કર્યો હતો. અભિયાન દરમિયાન ૩૦ હાથલારીઓ, ૭ ટ્રેક્ટર, ૪ લોડર દ્વારા માર્ગ ઉપર પડેલો કચરો, C&D વેસ્ટ અને અન્ય સોલિડ વેસ્ટ મળી કુલ ૧૫ ટનથી વધુ કચરાનો વ્યવસ્થિત નિકાલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત જાહેર માર્ગ પર ગેરકાયદેસર રીતે ઉભી કરાયેલ ૨ લારીઓ પણ દૂર કરી દબાણમુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# હળવદના ધનાળા ગામે દેશી દારૂની બંધ ભઠ્ઠી, ૧૪૦૦ લીટર ઠંડા આથા સાથે એકની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ધનાળા ગામની સીમમાં વાઘરીની ધાર પાસે ખરાબાની જગ્યાએ રેઇડ કરતા, જ્યાં બાવળની કાંટમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો, ૭ બેરલ ભરીને દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો ૧૪૦૦ લીટર સાથે ભઠ્ઠી સંચાલક આરોપીની અટક કરવામાં આવી, પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ, હળવદ પોલીસ ટીમને બાતમી મળી કે, રવિભાઈ થરેશા નવા ધનાળા ગામની સીમમાં વાઘરીની ધાર પાસે બાવળની કાંટમાં દેશી દારૂ બનાવવા ઠંડો આથો ગાળી ભઠ્ઠીમાં દેશી દારૂ બનાવે છે, જે મુજબની બાતમી મળતા તુરંત ઉપરોક્ત સ્થળે રેઇડ કરતા, જ્યાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીના સાધનો લોખંડનું પીપ, લાકડા તેમજ દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો ૧૪૦૦ લીટર કિ.રૂ.૩૫,૦૦૦/-સહિતના મુદ્દામાલ સાથે આરોપી રવિભાઈ ટીનાભાઈ થરેશા ઉવ.૨૫ રહે.હળવદ પંચમુખી ઢોરા વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ હળવદ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી AHTU પોલીસ ટીમની કાર્યવાહી, અપહરણના ગુનામાં ૧૮ વર્ષથી વોન્ટેડ આરોપીને દબોચી લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસની વિશેષ ટીમ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ અપહરણના ગુનાનો આરોપી કે જે છેલ્લા ૧૮ વર્ષથી નાસતો ફરતો હોય તેને મોરબીના રવાપર નદી ગામના પાટીયા પાસેથી ઝડપી લેવામાં આવી હસ્તગત કરી આગળની કાર્યવાહી સબબ હળવદ પોલીસ માથાજે સોંપી આપેલ છે.



મોરબી જીલ્લા પોલીસ અધીક્ષક મુકેશ પટેલે કરેલ સુચના મુજબ અપહરણ તથા ગુમ થયેલ વ્યક્તિઓને શોધી કાઢવા AHTU ટીમને જરૂરી માર્ગદર્શન તથા સુચના કરેલ હોય જેથી AHTU પોલીસ ટીમના પીઆઇ તથા સ્ટાફ ઉપરોક્ત કામગીરી કરવા પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન હેડ કોન્સ. નંદલાલ ડી વરમોરાને ખાનગીરાહે માહીતી મળેલ હતી કે, હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ અપહરણના ગુનાનો આરોપી નારાયણભાઇ ઉર્ફે નારસંગ મોતીભાઇ શિહોરા ઉવ.૪૪ રહે. મુળ કેદારીયા તા.હળવદ હાલ રહે. રવાપર નદી ગામની સીમ વાળો ફરીયાદીની સગીર વયની દિકરીને રાણેકપર ગામ તા.હળવદ ખાતેથી અપહરણ કરી ભગાડી ગયેલ હોય જે આરોપી નારાયણભાઇ ઉર્ફે નારસંગ મોતીભાઇ શિહોરાને મોરબી જીલ્લાના રવાપર નદી ગામના પાટીયા પાસે હોવાની માહીતી મળતા AHTU ટીમ મળેલ બાતમીની જગ્યાએ રેઇડ કરતા ત્યાંથી ઉપરોક્ત આરોપીની અટક કરી, આરોપી તથા ભોગબનનારને હસ્તગત કરી હળવદ પોલીસ મથકે સોંપવામાં આવેલ છે.

# જામનગરના દરેડ વિસ્તારમાં રાંધણ ગેસના બાટલામાંથી ગેરકાયદે ગેસ રિફિલિંગનું કારસ્તાન એસ.ઓ.જી.એ પકડી પાડ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક દરેડ વિસ્તારમાં એક શખ્સ દ્વારા પોતાના મકાનની ઓરડીમાં ગેસ રિફીલિંગનું કારસ્તાન ચલાવતું હોવાની બાતમીના આધારે એસ ઓ જી ની ટુકડીએ દરોડો પાડી મસિતિયાના એક શખ્સને અટકાયતમાં લઇ લીધો છે, અને નાના બોટના ગેસના બાટલા તથા ગેસ રિફીલિંગનું સાહિત્ય કબજે કર્યું છે.જામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડીએ દરેડ વિસ્તારમાં દરોડો પાડી ત્યાં એક ઓરડીમાં ગેસ રિફીલિંગનું કારસ્તાન ચલાવતા આસિફ સિદ્દીકભાઈ ખફી નામના શખ્સને અટકાયતમાં લીધો હતો. જેણે રાંધણ ગેસના મોટા બાટલામાંથી અન્ય બાટલામાં ગેસની નળી મારફતે ગેરકાયદે રીતે ગેસ રીફીલિંગનું કારસ્તાન ચલાવતું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેથી તેની અટકાયત કરી લઇ રાંધણ ગેસના નાના મોટા બે બાટલા તેમજ વજન કાંટો, નોઝલ, નળી સહિતનું સામાન કબજે કરી લીધું છે, જેની સામે જામનગરના પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૭ મુજબ ગુનો દાખલ કરાવ્યો છે.

# મોરબીમાં વ્યાજખોરો બેફામ વધુ એક યુવક વ્યાજખોરીના વિષચક્રમાં ફસાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના મકનસર ગામે રહેતા યુવકને વ્યાજખોરીના જુના દેવાના બહાને પાંચ જેટલા શખ્સોએ ધમકાવી, ગાળો આપી તેમજ ત્રીસ લાખ રૂપિયાની બળજબરીથી વસૂલી કરવાનો પ્રયાસ કર્યો હતો. મુદ્દલ તથા વ્યાજની સંપૂર્ણ ચુકવણી કરવા છતાં વ્યાજખોરોએ ચેકનો દુરુપયોગ કરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવતા પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલી ફરિયાદ મુજબ, અમીતભાઈ વિનોદભાઈ વાડોલીયા ઉવ.૨૬ રહે. મકનસર ગોકુલનગર વાળા વ્યાજખોરીના ચક્રમાં ગંભીર રીતે ફસાઈ ગયા હતા. ફરિયાદી અમિતભાઇએ આરોપી દીલીપભાઈ ઉર્ફે ભગવાનભાઈ વાલજીભાઈ આલ રહે. ગોકુલનગર મકનસર તથા આરોપી ઈમરાનભાઈ તેમજ ઈમરાનભાઈ સાથે આવેલ અન્ય ત્રણ અજાણ્યા માણસો સહિત પાંચ જેટલા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદીએ આરોપી દીલીપભાઈ ઉર્ફે ભગવાનભાઈ વાલજીભાઈ આલ પાસેથી ૩૦ ટકાના ચમડાતોડ વ્યાજે રૂ. ૨.૫૦ લાખ લીધા હતા. જે માટે સમયાંતરે સંપૂર્ણ મુદ્દલ અને વ્યાજ ચૂકવી દીધા બાદ પણ આરોપીએ તેમના પાસેથી સહી કરેલા લેવામાં આવેલા બે ચેકમાંથી એક ચેક આરોપી ઈમરાનભાઈને કોઈ જાણ કર્યા વિના આપી વિશ્વાસઘાત કર્યો હતો. ત્યારે ગત તા.૩૧/૧૦ ના રોજ આરોપી ઈમરાનભાઈ તેમજ તેની સાથે આવેલા અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને રૂ. ૩૦ લાખ પડાવવા હોય જેથી આરોપીઓએ આ તરકટ રચ્યું હોવાના આક્ષેપ સાથે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ચારેય આરોપી સામે મનીલેન્ડ એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાસપોર્ટ તથા એર ટિકિટવાળું બેગ રિક્ષામાં ભુલાઈ જતાં તાત્કાલિક શોધી કાઢતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં એક નેપાળી નાગરિકનું પાસપોર્ટ તેમજ એર ટિકિટવાળું બેગ એક રિક્ષામાં રહી ગયા પછી પોલીસના કમાન્ડ કંટ્રોલ સેન્ટરને જાણ કરાતા તાત્કાલિક હરકતમાં આવેલી સેન્ટરની ટીમે એકાદ કલાકમાં જ તે રિક્ષા શોધી કાઢી બેગ માલિકને પરત અપાવ્યું હતું.જામનગરમાં વસવાટ કરતા મૂળ નેપાળના અજય રોનાર નામના આસામી સમર્પણ સર્કલથી દિગ્જામ સર્કલ જવા માટે મિત્ર સાથે રિક્ષામાં બેઠા હતા. આ વેળાએ તેઓનું બેગ રિક્ષામાં ભુલાઈ ગયું હતું.આ બેગમાં અજયનો પાસપોર્ટ, ફ્લાઈટની એક ટિકિટ, રોકડ રકમ હતી. આ ટિકિટ બપોરે ચાર વાગ્યે રાજકોટથી કાઠમંડુ સુધીની હતી અને બપોરે બે વાગ્યે રાજકોટ એરપોર્ટમાં અજયને પહોંચી જવાનું હતું અને સવારે અગિયારેક વાગ્યે તેનું પર્સ ગુમ થતા આ યુવાન હાંફળોફાંફળો બન્યો હતો.આ બાબતની રજૂઆત સાથે તેણે પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ



સેન્ટરનો સંપર્ક કરતા પીએસઆઈ બી.બી. સીંગલની સૂચનાથી પોલીસ ટીમ હરકતમાં આવી હતી. તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી પોલીસે રિક્ષા શોધી કાઢી હતી અને તેના ચાલક પાસેથી બેગ પરત મેળવી એકાદ કલાકમાં જ અજયને તેની બેગ સોંપી આપતા આ યુવાન હર્ષભેર અને પોલીસનો આભાર માની એરપોર્ટ પહોંચ્યો હતો.

# જામનગર મોમાઇનગરમાં પાના ટીંચતી ૬ મહિલા પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મોમાઇનગર વિસ્તારમાં ગંજીપતા વડે જુગાર રમતી ૬ મહિલાઓને ૧૪ હજારની રોકડ સાથે અટકાયતમાં લેવામાં આવી હતી.મોમાઇનગર વિસ્તારમાં કેટલીક મહિલાઓ જુગાર રમે છે એવી બાતમીના આધારે સીટી-બી પોલીસે દરોડાની કાર્યવાહી કરી હતી, અહીં તિનપતીનો જુગાર રમતી મોમાઇનગરના નીલમબા ઉર્ફે નયનાબા નરેન્દ્રસિંહ જાડેજા, અનુબા વિજયસિંહ ઝાલા, સાધના કોલોનીના મધુબેન બિપીન રાવલ, મંજુબેન હસમુખ ટાંક, દિ.પ્લોટ-૬૪માં રહેતા શાંતાબેન પુરૂષોતમ શેઠીયા અને હવાઇચોક, નાગરચકલામાં રહેતા પુષ્પાબેન મનિષ ચાવડાની અટકાયત કરવામાં આવી હતી. દરોડા દરમ્યાન ૧૪૧૭૦ની રોકડ અને ગંજીપતા જપ્ત કરવામાં આવ્યા હતા.

# માળીયા(મી) બોડકી ગામે દેશી દારૂ બનાવવાના ૧૨૦૦ લીટર ઠંડા આથા સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે તાલુકાના બોડકી ગામે બનીયાની સીમમાં તળાવ કાંઠે બાવળની કાંટમાં આવવરુ જગ્યાએથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો આશરે ૧૨૦૦ લીટર કિ.રૂ.૩૦,૦૦૦/-સાથે આરોપી સુભાનભાઈ આદમભાઈ મોવર ઉવ.૩૯ રહે. નવી નવલખી તા.માળીયા(મી) વાળાની અટક કરી માળીયા(મી) પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી નવલખી ફાટક પાસે પાણીના ખાડામાં પરપ્રાંતિય યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર, પોલીસ તપાસ શરૂ

મોરબી શહેરના નવલખી ફાટક પાસે રેલ્વે ટ્રેક નજીક પાણીના ખાડામાં મૂળ મધ્યપ્રદેશના વતની યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં મોરબી સીટી એ ડીવી પોલીસ સ્ટાફે સ્થળ ઉપર પહોંચી, મૃતદેહને સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મોરબી શહેરમાં નવલખી ફાટક નજીક ગઈકાલે બનેલ બનાવ અંગે પાણીના ખાડામાં એક પુરુષનો મૃતદેહ જોવા મળ્યો હતો. ત્યારે પોલીસે સ્થળ ઉપર પહોંચી હતી, ત્યારે પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ રવિન્દ્રભાઈ ચુનીયાભાઈ ભુરીયા ઉવ.૩૩ રહે. હાલ ખીરસરા ગામ ભગુભાઈની વાડીએ મૂળ રહે. સિલકુવા ગામ તા. તલાનપુર જી. ધાર (મધ્યપ્રદેશ) વાળો હોવાનું સામે આવ્યું હતું. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. હાલ મૃત્યુના બનાવ અંગે પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં સ્ટાફ સિલેકશન કમિશનની પરીક્ષા અંગે પ્રતિબંધાત્મક આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા સ્ટાફ સિલેકશન કમિશનની પરીક્ષા રાજકોટ શહેરમાં ફ્યુચર ઈન્ફોટેક, ચોથો માળ, વેસ્ટ ગેટ - ૨ બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફીટ રિંગ રોડ ખાતે તા. ૧૫, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦/૧૧/૨૦૨૫ સુધી કુલ ૧૩ દિવસ પહેલી શિફ્ટ સવારે ૧૦ કલાકથી ૧૧ કલાક, બીજી શિફ્ટ બપોરે ૧.૩૦ કલાકથી ૨.૩૦ કલાક અને ત્રીજી શિફ્ટ સાંજે ૦૫ કલાકથી સાંજે ૦૬ કલાક દરમિયાન લેવાનારી છે. જે અન્વયે રાજકોટ શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્રભાઈ બગડીયા દ્વારા પરીક્ષાર્થીઓ પરીક્ષા કોઈપણ જાતની ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે, તે હેતુસર પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે.

જે મુજબ રાજકોટ શહેરમાં પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ તેમજ ચાર કે તેથી વધારે વ્યકિતઓ એકત્રીત થઈ શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં સ્ટેશનર્સ, વેપારીઓ, શાળા સંચાલકોને ઝેરોક્ષ મશીન અને ફેક્સ મશીન ચાલુ રાખવાની મનાઈ છે. શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહીં કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં. તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુની ૨૦૦ મીટરની ત્રિજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

આ ઉપરાંત, પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, બ્લુટુથ, આઇ.ટી. ઉપકરણ જેવા ઈલેક્ટ્રોનીક સાધનો તેમજ પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જઈ શકાશે નહીં તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવાના રહેશે નહીં. પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના કર્મચારીઓએ ચોકસાઈપુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને સબંધિતોએ ઓળખકાર્ડ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહીં.

આ હુકમમાંથી સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, પરીક્ષા કાર્યમાં રોકાયેલી ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ, લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રાને તેમજ ફરજ પરના પોલીસ, એસ.આર.પી., હોમગાર્ડ, જી.આર.ડી.ના અધિકારીઓ તથા જવાનોને મુક્તિ આપવામાં આવી છે. આ જાહેરનામું તા. ૧૫ નવેમ્બરથી તા. ૩૦ નવેમ્બર દરમિયાન સવારે ૦૮ કલાકથી સાંજે ૦૭ કલાક સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# મોરબીના સોખડા ગામે સામાન્ય બાબતે યુવક પર ચાર શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના સોખડા ગામે યુવકે કુટુંબી કાકા સાથે ચાલતા મનદુઃખ અંગે સમાધાન કરી લીધું હોય જે મામલે ગામના જ ચાર ઈસમો દ્વારા યુવકને જાતી પ્રત્યે અપમાનિત કરી લાકડાના ધોકા સહિતના હથિયારો વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે હાલ ભોગ બનનાર યુવકની ફરિયાદને આધારે પોલીસે ચારેય આરોપીઓ સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના નવા સોખડા રહેતા ચેતનભાઈ નથુભાઈ મકવાણા ઉવ.૩૦ નામના યુવક ઉપર ચાર શખ્સોએ મળી હુમલો કર્યો હતો. જે મામલે મોરબી તાલુકા પોલીસ મથકે આરોપી પ્રવિણભાઇ ભીમજીભાઇ સુરેલા, મહેશભાઇ ભીમજીભાઇ સુરેલા, ભીમજીભાઇ પરષોતમભાઇ સુરેલા તથા મનસુખભાઇ લાભુભાઇ સુરેલા રહે.બધા સોખડા તા.જી.મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરીયાદી ચેતનભાઈ અને તેમના કાકા રમેશભાઈ વચ્ચે ચાલતા મનદુઃખનું સમાધાન થઈ ગયું હતું, જે બાબત આરોપીઓને ન ગમતાં તેઓએ મનદુઃખ રાખીને ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપી તથા જાતિ પ્રત્યે અપમાનિત કરી આરોપીઓએ લાકડાના ધોકા તથા મૂંઢ માર મારી ફરિયાદીને ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.હાલ તાલુકા પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજયકક્ષાની છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા રાજયકક્ષાની છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેમાં ૧૪ થી ૧૮ વર્ષનાં જુનિયર વિભાગનાં ભાઈઓ- બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધકોએ તા.૦૫- ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં અરજી મોકલવાની રહેશે.

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,રાજકોટ ગ્રામ્ય સંચાલિત આ સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ૧૪ થી ૧૮ વર્ષની (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) વયમર્યાદા ધરાવતાં ભાઈઓ - બહેનો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકોએ રાજકોટ જિલ્લાનાં ધોરાજી તાલુકાનાં પાટણવાવ ગામે આવેલ ઓસમ પર્વત ખાતે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. સ્પર્ધા દરમ્યાન નિવાસ અને ભોજન રાજય સરકાર તરફથી આપવામાં આવશે.

ગુજરાતનાં ઈડર, પાવાગઢ, ચોટીલા અને ગીરનાર ખાતે આયોજીત રાજયકક્ષાની આરોહણ - અવરોહણ સ્પર્ધા૨૦૨૫-૨૬માં જુનીયર કક્ષાએ ભાગ લેનાર સ્પર્ધકોએ રાજયકક્ષા છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા૨૦૨૫-૨૬માં ભાગ લેવાનો રહેશે નહિ.

આ સ્પર્ધામાં ૧ થી ૧૦ ક્રમે વિજેતા થનાર સ્પર્ધકો(ભાઈઓ-બહેનો) રાષ્ટ્રીય કક્ષાની ગીરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધામાં સીધો જ પ્રવેશ આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતાં ગુજરાત રાજયનાં ભાઈઓ-બહેનોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ સંપૂર્ણ વિગતે ભરીને જરૂરી આધાર પુરાવા સાથે ''પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ ગ્રામ્ય, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ '' ખાતે તા.૦૫-૧૨-૨૦૨૫નાં રોજ બપોરે ૧૨૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી હીતેષ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# જામનગર જીલ્લામાં ખેતી તેમજ અન્ય ફેક્ટરી યુનીટમાં કાર્યરત વ્યક્તિઓ તથા પરપ્રાંતીયને મકાન ભાડે આપ્યાની વિગતો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું જાહેરનામું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેક્ટરીઓમાં તેમજ ખેતિ અને વેપાર ધંધામાં મજુર તરીકે કામ કરતા કારીગરો આવા ગુન્હોમાં સામેલ હોવાનું જોવા મળ્યુ છે. જેઓ આવા ગુન્હાઓ આચર્યા બાદ જિલ્લામાંથી કે રાજ્યમાંથી નાસી જતા હોય છે. તેમજ ઘણા કિસ્સામાં અન્ય જિલ્લા કે રાજ્યમાં ગંભિર ગુન્હાઓ આચરી જામનગર જિલ્લામાં છુપાઇને રહેતા હોવાથી ઘણા ગુન્હાઓની તપાસ અધૂરી રહે છે. માટે જામનગર જિલ્લાના વિસ્તારની સલામતી અને શાંતિ જાળવવા સારુ આવા નાગરિકો.વ્યક્તિઓની માહિતિ એકઠી કરવી ખુબ જ જરૂરી છે. જેને લઈને અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.જાહેરનામાં મુજબ જામનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિત સમગ્ર જામનગર જિલ્લાના તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, ખેતી તેમજ અન્ય ફેક્ટરી ઉદ્યોગ, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેક્ટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, શ્રમિકો કે ભાગીયાઓ હાલમાં કાર્યરત છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાક્ટ બેઝના કર્મચારીઓ.કારીગરો.શ્રમિકોની વિગતો જેમાં પેઢીના.માલીક.ખેડૂતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ નં. તથા ધંધાના સ્થળના ટેલીફોન નંબર,કામે રાખેલ.કર્મચારી.કારીગર.મજૂર.ભાગી યા નું પુરૂ નામ, ઓળખ ચીન્હ, હાલનું સરનામું તથા મોબાઈલ નંબર, મુળ વતનનું પુરુ સરનામું તથા વતનના ટેલિફોન નંબર, પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ નક્કી થઇ શકે તેવા તમામ આધારા પુરાવા ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, આધારકાર્ડ, રેશનકાર્ડ.વિગેરે, કર્મચારી કારીગર મજૂર/ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ, અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલકીનું પુરૂ નામ, સરનામું તથા મોબાઈલ નંબર, કોના રેફરન્સ.પરીચયથી નોકરીએ રાખેલ છે, તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું, ટેલિફોન અને મોબાઈલ નંબર, બે થી ત્રણ સગા સબંધીના પુરા નામ તથા સરનામા તેમના વતન સહીતના તથા ટલિફોન અને મોબાઈલ નંબર, ફોટો હથિયાર ધરાવતા હોય તો તેની વિગતો અંગેની માહિતી તથા ગુજરાત રાજ્યના કે અન્ય રાજ્યો.દેશમાંથી આવેલા વ્યક્તિને મકાન ભાડા પેટે આપવામાં આવે ત્યારે મકાન ભાડે અપાવનાર દલાલ અને મકાન માલિકે મકાન ભાડે આપ્યા અંગેની માહીતી જેમાં મકાન માલિકનુ નામ તથા રહેઠાણનું સરનામું, જે મકાન ભાડે આપેલ હોય તે મકાનનું નામ તથા સરનામું, મકાન ભાડે આપ્યાની તારીખ, મકાન ભાડે રાખનાર વ્યક્તિનું નામ, સરનામું, ઓળખકાર્ડ, ચૂંટણીકાર્ડ, ડ્રા ઈવીંગ લાઈસન્સનો પુરાવો, મકાન ભાડે રાખનાર મુળ ક્યાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યક્તિના નામ, સરનામા તથા ફોન નંબર, મકાન માલિક અને ભાડુઆત તરીકે સંપર્ક કરાવનાર એજન્ટ.દલાલનું નામ સરનામું.ફોન નંબર તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને ૧૫દિવસમાં આપવાની રહેશે.આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# ધોરાજીમાં નદી-બજારમાં ૨૦૦૨ ના વર્ષમાં થયેલ કોમી હુલ્લડ અને જાનથી મારી નાખવા તથા લુટ કરવાના કેસમાં તમામ તહોમતદારોનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ઉપરોક્ત કેસની હકીકત એવી છે કે, ધોરાજી શહેરમાં આવેલ નદી બજારમાં સિંધી વેપારીઓની દુકાનો પાસે લઘુમતી કોમના અમુક લોકો પાથરણું પાથરી શાકભાજી વેચતા. ત્યારબાદ ગત તા-૧૭/૦૮/૨૦૦૨ ના રોજ દિલીપભાઈ પારવાણીની દુકાન પાસે સાયકલ રાખવા બાબતે મુસ્લિમના એક છોકરા સાથે વેપારીને ઝઘડો થયેલો. બાદમાં તે છોકરાએ પોતાના વિસ્તારમાં જઈ બનાવની વાત કરતા બપોરના બારેક વાગ્યે બસો જેટલા માણસો હાથમાં તલવાર, છરીઓ, લાકડીઓ, ધારીયા વગેરે જેવા ઘાતક હથિયારો સાથે નદી બજારમાં આવેલ અને વેપારીઓની દુકાનમાં તોડફોડ કરી આડેધડ વેપારીઓને હથિયારો વડે મારેલ તેમજ દુકાનોમાંથી માલ સામાનની લૂંટ ચલાવેલ. આ બાબતનો કેસ રાજીવભાઈ જેઠાનંદભાઈ છતાણી દ્વારા ધોરાજી પોલીસ સ્ટેશનમાં કરાતા પોલીસે ઇ.પી.કો. કલમ ૩૦૭, ૩૯૭, ૩૨૬, ૪૨૭, ૩૨૫ તથા ગેરકાયદે મંડળી રચવાનો તેમજ ઘાતક હથિયારો ધારણ કરવાનો ગુનો નોંધેલ અને ત્યારબાદ પોલીસે કોમ્બિંગ ચલાવી મીર મહમદ હનીફ મિયા, નજીરભાઈ ગરાણા, સૈયદ અમીનભાઈ વલીભાઈ, અહેમદ ગરાણા, કાદર ગરાણા, અમીન આમદ, મહેબૂબ રફીક, ફારૂક મુસા, અલી ઉસ્માન, શબ્બીર મુસા, રઝાક હાસમ, મોહસીન યુનુસ, અલ્તાફ અબુ, શાહીદ ઈકબાલ, શકીલ શકુર, સિકંદર વલી, સલીમ પીર મહંમદ, સુલેમાન મજીદ, શરીફ સીદીક, હારુન વલી, બોદુ હાસમ, અબા ઈશા સહિત ૧૯૨ આરોપીઓની અટક કરેલ. આ બનાવ બન્યો તે સમયે ધોરાજી શહેરમાં સંપૂર્ણ કર્યું લાગુ કરવામાં આવેલ અને એસ.આર.પી. તથા સી.આર.પી.એફ. ની કુમકો ઉતારવામાં આવેલી અને સમગ્ર શહેરમાં ખૂબ જ ભયનું વાતાવરણ બની ગયેલ. ત્યારબાદ તે કેસમાં ધોરાજી જ્યુડિશિયલ કોર્ટમાં ચાર્જશીટ કરાતા કેસ સેશન્સ ટ્રાયેબલ હોય, ધોરાજી સેશન્સ કોર્ટમાં કમિટ થતા તે કેસમાં આરોપીઓ વિરુદ્ધ સેશન્સ કોર્ટ દ્વારા ચાર્જફ્રેમ કરાયેલ અને બાદમાં તે કેસમાં ૮૦ જેટલા સાક્ષીઓની જુબાની નોંધાયેલ અને ત્યારબાદ ફરિયાદ પક્ષને આરોપી પક્ષ દ્વારા વિસ્તૃત દલીલો સેશન્સ કોર્ટ ધોરાજી સમક્ષ રજૂ કરવામાં આવેલ. જેમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ નહીં અને પોલીસની કાર્યવાહી પણ યોગ્ય રીતે થયેલ નહિ અને જે આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ તેઓની સામેનો કેસ યોગ્ય રીતે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ, જે તમામ પુરાવો તથા દલીલો ધ્યાને લઈ તા- ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ ધોરાજીના મહેરબાન એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એ. એમ. શેખ દ્વારા તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલ છે આમ ૨૩ વર્ષ બાદ નિર્ણય આવેલ છે.

આ કેસમાં આરોપીઓ વતી ધોરાજીના એડવોકેટ ચંદુલાલ એસ. પટેલ તથા એસ.પી.વાઢેર રોકાયેલા હતા.

# ધ્રોલની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી સ્થાનિક પોલીસ બે આરોપીઓ ચોરાઉ તમામ મુદામાલ સાથે ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ શહેરમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ સ્થાનિક પોલીસે ઉકેલી નાખ્યો છે. અને બે આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.ધ્રોલમાં રહેતા આબેદઅલી મુસ્તફાભાઈ કાદીયાણીના મકાનમાંથી બે દિવસ પહેલા રૂ.૧ લાખ ૫૫ હજારની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી થવા પામી હતી. જે અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. અને સીસીટીવીના ફૂટેજ અને ટેકનીકલ તથા હુમન સોર્સથી પોલીસ દ્વારા તસ્કરોની તપાસ કરવામાં આવી હતી.જેમાં પોલીસને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે શખ્સો ચોરીનો મુદામાલ લઈને વેચાણ કરવા માટે જેઠાપીરની દરગાહથી કિસ્મત હોટલ તરફ નિકળવાના છે. જે બાતમી આધારે પોલીસે વોચ ગોઠવીને શાહનવાઝ ઉર્ફે સાનુડો ઈબ્રાહીમભાઈ શાહમદાર ઉ.વ.૩૧ ધંધો-કલરકામ રહે-રજવી સોસાયટી બાવાગોરની દરગાહ પાસે, ધ્રોલ અને સામીલ ઉર્ફે સુલ્તાન અમીનભાઈ ખલીફા ઉ.વ.૨૮, ધંધો-હેર કટીંગનો હાલ-રહે, વિકટોરીયા પુલ બારદાનવાલા કોમ્પ્લેક્ષ, જામનગર, મૂળ-રજવી સોસાયટી તળાવની પાળ ઉપર નગીના કબ્રસ્તાન પાસે, ધ્રોલ.ને ઝડપી લીધા હતા. અને તેઓ પાસેથી ચોરીનો મુદામાલ કબજે કર્યો હતો.આરોપી શાહનવાઝ ઉર્ફે સાનુડો સામે અગાઉ ધ્રોલ પો.સ્ટે. માં ત્રણ ગુના અને આરોપી સામીલ ઉર્ફે સુલ્તાન સામે અગાઉ ધ્રોલ પો.સ્ટે., કાલાવડ પો.સ્ટે.અને રાજકોટ શહેર ભક્તિનગર પો.સ્ટે.માં ગુના નોંધાઈ ચૂક્યા છે. આ કામગીરી ધ્રોલ પો.સ્ટે.ના પોલીસ ઈન્સ. એચ.વી.રાઠોડ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના ગ્રામ્ય માર્ગોનું સમારકામની કામગીરી હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુધારણાની કામગીરીને વેગ આપતાં પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગ્રામ્ય માર્ગોના નવીનીકરણ માટે ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ બંને કામોથી સ્થાનિક ગામોના હજારો વાહનચાલકો અને રહેવાસીઓને આરામદાયક મુસાફરીનો લાભ મળશે.

જેમાં મોટા વાગુદડ સગાડીયા ધરમપુર રોડનું કામ કિશાનપથ યોજના હેઠળ હાથ ધરવામાં આવ્યુ છે. આ રસ્તા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૫ કરોડનો જોબ નંબર ફાળવવામાં આવ્યો છે. ધ્રોલ તાલુકામાં આવેલો આ ૧૪ કિલોમીટર લાંબો રસ્તો મોટા વાગુદડથી સગાડીયા થઈને મોડપર સુધીના ગામોને જોડે છે અને તે તાલુકાનો એક અગત્યનો ગ્રામ્ય માર્ગ છે. વરસાદના લીધે રસ્તાના અનેક ભાગોમાં ખાડા પડી ગયા હતા અને સપાટી ખૂબ જ નબળી પડી ગઈ હતી. આ રસ્તાની સપાટી સુધારણાની તાત્કાલિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મેટલીંગ, ડામર કામ, પ્રોટેક્શન વર્ક, સાઇડ સોલ્ડર્સ અને રોડ ફર્નિચરની જોગવાઈ કરવામાં આવી છે. પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કે. બી. છૈયા તથા નાયબ કાર્યપાલક ઈજનેર એસ. વી. બાવીશી દ્વારા આ કામગીરી સત્વરે હાથ ધરાવીને બનતી ત્વરાએ પૂર્ણ કરાવવામાં આવનાર છે.સાથે જ હાપા-ઠેબા રોડ સુધારણાનું કામ પણ હાથ ધરાયુ છે. જામનગર તાલુકામાં આવેલ આ ગ્રામ્ય રસ્તાની સપાટી સુધારણાની જરૂરિયાત ઊભી થતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રસ્તા માટે રૂ. એક કરોડની રકમનો જોબ નંબર ફાળવવામાં આવ્યો છે. આ રસ્તાની સપાટી સુધારણાની કામગીરી પણ તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવી છે અને તેને ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે. આ કાર્ય પૂર્ણ થતાં હાપા અને ઠેબા ગામો તરફ જતા વાહનચાલકોને આરામદાયક મુસાફરીનો લાભ મળશે. આમ, બંને રસ્તાઓની સપાટી સુધારણાની કામગીરી સત્વરે પૂર્ણ થવાથી આ વિસ્તારના ગ્રામ્ય પ્રજાજનોની લાંબા સમયની માગણી સંતોષાશે અને રોડ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો થશે.

# મોરબી આયુષ હોસ્પિટલમાં સફળ ન્યુરો સર્જરી, અકસ્માતમાં ઘાયલ હેમરેજના દર્દીને આપ્યું નવજીવન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ૩૩ વર્ષીય યુવકનું અકસ્માત થતાં મગજમાં ગંભીર હેમરેજની ઇજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક આયુષ હોસ્પિટલમાં ખસેડતા ન્યૂરોસર્જન દ્વારા તાત્કાલિક સર્જરી કરી યુવકનો જીવ બચાવ્યો હતો. આઇસીયુમાં ત્રણ દિવસ વેન્ટિલેટર ઉપર સારવાર બાદ દર્દી સાજો થતા રજા આપતા, દર્દીએ અને તેના પરિવારજનોએ ન્યુરો સર્જન અને હોસ્પિટલ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.



મોરબીના મુકેશભાઈ ઉવ.૩૩નો અકસ્માત થતાં માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. મગજમાં લોહીની નશ ફાટવાથી હેમરેજ થયેલ અને સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ હતી. અકસ્માત બાદ ભાન ગુમાવી બેભાન અવસ્થામાં પહોંચેલા દર્દીને તાકીદે મોરબી આયુષ હોસ્પિટલ ખાતે ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં ન્યૂરોસર્જન ડૉ. પ્રતિક પટેલ દ્વારા તાત્કાલિક હેમરેજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ દર્દીની સ્થિતિને ધ્યાનમાં રાખીને આઇસીયુમાં ત્રણ દિવસ સુધી વેન્ટિલેટર ઉપર ખાસ દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી હતી. ડૉ. પ્રતિક પટેલ અને આયુષ હોસ્પિટલની ક્રિટિકલ કેર ટીમના સતત પ્રયાસો બાદ દર્દીની તબિયતમાં સુધારો જોવા મળ્યો હતો અને વેન્ટિલેટર પરથી સફળતાપૂર્વક બહાર કાઢી તેમને રજા આપવામાં આવી છે. દર્દી તથા તેમના પરિવારજનો દ્વારા હોસ્પિટલના તબીબો અને સ્ટાફનો આભાર વ્યક્ત કરાયો છે.

# જેસીસી હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબોએ સાથે મળી પત્રકાર પરિષદ યોજી પોતાનો પક્ષ રજૂ કર્યો

## પ્રેસ કોન્ફરન્સમાં મેનેજીંગ ડાયરેકટરે કર્યો બચાવ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સુમેર ક્લબ રોડ પર આવેલ જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં કાર્ડીયાક પ્રોસીજરમાં ગેરરીતી બદલ હોસ્પિટલને 'પીએમજેવાય મા' યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી હોવા ઉપરાંત ૬ લાખનો દંડ તથા અહી નાં ડો. પાર્શ્વ વોરાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની માહિતી રાજ્ય સરકાર દ્વારા જાહેર થતા આ પ્રકરણમાં જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટનાં હોદ્દેદારો તથા જેસીસી હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબોએ સાથે મળી પત્રકાર પરિષદ યોજી પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટનાં મેનેજીંગ ડાયરેક્ટર ડો. કે.એચ.મારકણા દ્વારા સૌપ્રથમ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જેસીસી હોસ્પિટલ અને જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ બંને અલગ સંસ્થા છે. જેસીસી હોસ્પિટલ છેલ્લા લગભગ એક દાયકાથી વધુ સમયથી કાર્યરત છે અને ખાનગી હોસ્પિટલ તરીકે સારી પ્રતિષ્ઠા સંપાદિત કરેલ




છે.જ્યારે જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ એ છેલ્લા દોઢ વર્ષથી કાર્યરત સંસ્થા છે અને તેમાં મહદ હિસ્સો ડો. પાર્શ્વ વોરા તથા તેનાં પરિવારજનોનો છે.ડો.પાર્શ્વ વોરા અને તેના પરિવારજનોનો જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં મોટો હિસ્સો હોવાથી સરકાર અને આરોગ્ય વિભાગમાં સંસ્થા સંબંધિત પ્રક્રિયાઓ ડો. પાર્શ્વ વોરા દ્વારા કરવામાં આવતી હોવાની તથા સંસ્થાનાં ઈમેઈલ વગેરેનું એક્સેસ પણ તેમની જ પાસે હોવાથી ગેરરીતી બદલ સરકાર દ્વારા ફટકારવ-ામાં આવેલ પેનલ્ટી સહિતની બાબતોથી તેમણે મેનેજમેન્ટનાં અન્ય લોકોને અંધારામાં રાખ્યા હોવાનો દાવો હાલનાં મેનેજીંગ ડાયરેક્ટર ડો કે.એચ.મારકણા દ્વારા કરવામાં આવ્યો હતો.જેસીસી હાર્ચ ઇન્સ્ટિટ્યૂટનાં ડો. કે.એચ.મારકણા સહિતનાં હોદ્દેદારોએ પત્રકાર પરિષદમાં જણાવેલ કે તેઓને ડો. પાર્શ્વ વોરાની ગેરરીતીઓ નો અંદાજ આવતા ગત ઓગસ્ટ મહિનામાં જ તેમને હોસ્પિટલમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ અને તેને અનુસંધાને ડો. પાર્શ્વ વોરાએ મેનેજમેન્ટને માફી પત્ર પણ આપેલ છે.આ બધા દાવાઓ સાથે ઈન્સ્ટિટ્યૂટનાં હાલનાં મેનેજનમેન્ટ દ્વારા હવે આ પ્રકરણમાં ડો. પાર્શ્વ વોરા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવાની ઘોષણા કરી કાયદાકીય કાર્યવાહીની તજવીજ થઈ રહી હોવાની વાત કહેવામાં આવી છે.આ તકે જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યૂટનાં સેન્ટર હેડ ગિરીરાજસિંહ ઝાલા તથા જેસીસી હોસ્પિટલ સંલગ્ન ડો. નિકુંજ ચોવટીયા, ડો. તારક શાહ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતાં.આમ આ જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં થયેલ ગેરરીતીનાં પગલે સમગ્ર પ્રકરણમાં ભળતા નામને લીધે જેસીસી હોસ્પિટલની છબિ ખરડાઈ હોવાનાં મુદ્દે પણ હોસ્પિટલનાં તબીબોમાં આક્રોશ છે અને હવે આ પ્રકરણમાં કાયદાકીય કાર્યવાહીનાં મંડાણ થવાની સ્થિતિમાં સમગ્ર ઘટનાક્રમ તબીબી આલમમાં ચકચારી બન્યો છે.

# જાલણસર બી.એ.પી.એસ.સ્વામિ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ તા.૧૫થી બે દિવસ આયોજિત

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

જાલણસરબી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા.૧૫ થી બે દિવસ આયોજિત કરેલ છે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સારંગપુર થી નારાયણ મુની દાસ સ્વામી ખાસ ઉપસ્થિત રહેશે.આ પ્રતિષ્ઠા મહોત્સવમાં તા.૧૫ શનીવારે પવિત્ર એકાદશી ના દિવસે સવારે ૮ વાગ્યાથી વિશ્વ શાંતિ યજ્ઞ યોજાશે બપોરે ૪ વાગ્યે જાલણસર ગામમાં શોભાયાત્રા નીકળશે અને રાત્રે સારંગપુરના સંતોના સાનિધ્યમાં કીર્તન આરાધના યોજાશે. ૧૬/૧૧/૨૫ રવિવારે સવારે ૮ વાગે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ યોજાશે અને ૧૦ વાગે મુખ્ય સભા યોજાશે.આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા માટે જુનાગઢ મંદિરના કોઠારી પૂજ્ય ધર્મ વિનય સ્વામી, સંત નિર્દેશક પૂજ્ય કલ્યાણમુર્તિ સ્વામી, પૂજ્ય અક્ષરમંગલ સ્વામી, જાલણસર સમગ્ર સત્સંગ મંડળ ના ભાઈઓ બહેનો યુવકો યુવતીઓ બાળકો બાલિકાઓ ખુબજ જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, મોટીપાનેલી, મોટીમારાડ, જમનાવડ,મજેવડી મંડળના હરિભક્તો પણ મોટી સંખ્યામાં લાભ લેશે.

# રાજકોટ જિલ્લામાં ૯૪ લાખ કિલો મગફળી ટેકાના ભાવે ખરીદાઈ: મગ, અડદની ખરીદી ટૂંક સમયમાં માં શરૂ થશે

## મગફળીમાં ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂ.૭૨૬૩ ટેકાનો ભાવ ચૂકવાય છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા ગત તા. ૦૯ નવેમ્બરથી શરૂ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં કુલ ૨૯ કેન્દ્રો પરથી ખરીદીની પ્રક્રિયા સુચારુ રીતે ચાલી રહી છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ, રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચવા માટે અત્યાર સુધીમાં કુલ ૧,૭૭,૦૦૮ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ખરીદીની શરૂઆતથી આજદિન સુધીમાં ૪,૦૩૦ ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ખેડૂતો પાસેથી ૯૪,૪૪,૬૮૦ કિલોગ્રામ (૯૪,૪૪૬.૮ ક્વિન્ટલ) મગફળીની ખરીદી કરવામાં આવી છે. ખેડૂતોને મગફળીના પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭,૨૬૩ ટેકાના ભાવ ચૂકવવામાં આવે છે. જિલ્લામાં મગ, અડદ અને સોયાબીનના પાકોની ટેકાના ભાવે ખરીદી પણ આગામી એક-બે દિવસમાં શરૂ કરવામાં આવશે.

# ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીનો કાર્યક્રમ ૧૫ નવેમ્બરે હેમુ ગઢવી હોલ ખાતે યોજાશે

## જિલ્લા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ તથા આરોગ્ય કેમ્પ ધર્મેન્દ્ર કોલેજ ખાતે યોજાશે-પ્રજાજનોને લાભ લેવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી ૧૫ નવેમ્બરે સવારે ૧૧ વાગ્યે હેમુ ગઢવી હોલ ખાતે યોજાશે. આ ઉજવણી નિમિત્તે ૧૫ નવેમ્બરે સવારે ૧૦ વાગ્યે ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે સેવા સેતુ કાર્યક્રમ તથા આરોગ્ય કેમ્પ યોજાશે, જેમાં રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાના લાભો સ્થળ પર જ વિતરિત કરાશે. રાજકોટના પ્રજાજનોને આ કાર્યક્રમનો લાભ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નવાગામની શક્તિસોસાયટીમાં બે પુત્રીઓને ગળાફાંસો આપી મહિલાનો આપઘાત







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે નવાગામની શક્તિસોસાયટીમાં સામુહીક આત્મહત્યાનો બનાવ સામે આવતા અરેરાટી પ્રસરી જવા પામી છે મહિલાએ તેની બે માસુમ બાળકીને ફાંસો આપી પોતે પણ ગળાફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો બનાવને પગલે તેના પરીવારમાં કલ્પાંત સર્જાયો છે. બનાવને પગલે પોલીસે તપાસ કરતા મહિલાને સંતાનમાં પુત્રની પ્રાપ્તી ન હોય લાગી આવતા બન્ને પુત્રીઓ સાથે પગલુ ભરી લીધાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવ્યુ છે. બનાવના પગલે મોડી રાત્રીના ડીસીપી ક્રાઈમ બાંગરવા, બીડીવીઝન સહીતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

આ અંગેની પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નવાગામમાં શકિત સોસાયટીમાં રહેતા અસ્મીતાબેન જયેશભાઈ સોલંકી (ઉ.૨૮) અને તેની બે પુત્રી પિયાસી (ઉ.૮) અને હષીતા (ઉ.૫) સાથે છતના હુકમાં પ્લાટીકની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બહારથી ઘેર આવેલા પતિ જયેશભાઈએ મકાનમાં જતા પત્ની અને બે પુત્રીઓને લટકતી હાલતમાં જોઈ દેકારો મચાવતા પાડોશના લોકો દોડી આવ્યા હતા. જાણ થતા ૧૦૮ની ટીમના તબીબે મહિલા અને બે બાળકીઓને મૃત જાહેર કરતા બીડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ ચૌહાણ સહીતે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી.

**સંતાનમાં પુત્ર ન હોય મહિલાએ પાંચ અને આઠ વર્ષની દિકરીઓ સાથે જીવન લીલા સંકેલી: સામુહીક આપઘાતના બનાવથી પરિવારમાં કલ્પાંત**

પોલીસની તપાસમાં અસ્મીતાબેનના લગ્ન ૯ વર્ષ પુર્વ થયા હતા અને બે પુત્રી પતિ અને સસરા સાથે છેલ્લા નવેક વર્ષથી નવાગામમાં રહેતા હોય અને તેના પતિ જયેશભાઈ રિક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતા હતા. સંતાનમાં બે પુત્રીઓ હોય અને પુત્રની પ્રાપ્તી ન થતા કેટલાક સમયથી ઉદાસ રહેતા હોય પતિ રાત્રીના જમવા માટે ઘેર આવતા પુત્રી સજોડે છતના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી અને પત્ની છતના હુકમાં દુપટ્ટો બાંધી લટકતી હાલતમાં જોવા મળ્યા હોવાનુ રટણ કરતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

## સોની વેપારી પાસેથી દાગીના બનાવવા લઈ ગયેલ રૂ.૧.૩૯ કરોડની ચાંદી પિતા-પુત્ર ઓળવી ગયા

### ઠગબાજ પિતા-પુત્ર લક્કિ તથા પટ્ટા બનાવવા ૯૦૬૨૧ ગ્રામ ફાઈન ચાંદી એક મહિના બાદ પરત નહીં આપતા એ-ડિવિઝન પોલીસમાં મારવાડી વેપારીએ નોંધાવી ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સોની વેપારીનું ૧.૦૫ કરોડનું કાચુ સોનું લઈ બંગાળી કારીગર બંગાળી કારીગર ફરાર થઈની ફરીયાદની સાહી હજુ પોલીસ ચોપડે સુકાઈ નથી ત્યારે વધુ એક સોની વેપારીને પિતા-પુત્રએ રૂ.૧.૩૯ કરોડની ચાંદીનો ચુનો લગાવ્યો હોવાની ફરીયાદ એ-ડિવિઝન પોલીસમાં નોંધાઈ છે. બનાવના પગલે પીએસઆઈ એચ.એન.જેઠવાએ પિતા-પુત્ર સામે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના શ્રોફ રોડ પર આવેલ ગેલેકસી ટાઉન હોમ એપાર્ટમેન્ટના ત્રીજા માળે રહેતા જીતેન્દ્રભાઈ પુખરાજભાઈ જૈન (ઉ.વ.૪૩) નામના મારવાડી વેપારીએ એ-ડિવિઝન પોલીસમાં લક્ષ્મીવાડી શેરી નં.૧૭માં રહેતા હરેશ નટવરલાલ કારેલીયા અને તેનો પુત્ર પ્રશાત ઉર્ફે પિન્ટુ હરેશ કારેલીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, આ બન્ને પિતા-પુત્રએ સોની બજારમાં દરબાર ગઢ ચોકની બાજુમાં ડાયમંડ ચેમ્બરમાં આવેલ પદમાવતી ટ્રેડર્સ નામની દુકાનમાં ફરીયાદી પાસેથી અલગ-અલગ સમયે ૯૦૬૨૧ ગ્રામ ફાઈન ચાંદી જેની કિંમત રૂ.૧.૩૯ કરોડની થતી હોય આ ચાંદીમાંથી લક્કી તથા પટ્ટા તથા સલમાન લક્કી બનાવવા માટે લઈ ગયા હતા અને એક મહિના બાદ ચાંદીના દાગીના બનાવી પરત આપવાનું કહ્યું હતું. પરંતુ આજદિન સુધી મારવાડી વેપારી જીતેન્દ્રભાઈને પિતા-પુત્રોએ ચાંદી કે ચાંદીના દાગીના કે ચાંદીના રૂપિયા ૧.૩૯ કરોડ પરત નહીં બહાના બતાવી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરતા સોની વેપારીએ એ-ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે પીઆઈ બી.વી.બોરીસાગરની સુચનાથી પીએસઆઈ એચ.એન.રાઠવાએ ગુન્હો નોંધી ઠગાઈ કરનાર પિતા-પુત્ર સામે કાર્યવાહી હાથ ધરી છે.

## કૃષ્ણનગર સોસાયટીમાં ધોળા દિવસે ત્રણ મકાનના તાળા તોડનાર ગઠીયો ઝડપાયો

### સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત ૯૮,૫૦૦ માલમત્તાની થઈ'તી ચોરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોપટપરા નજીક કૃષ્ણનગર સોસાયટીમાં ધોળા દિવસે ત્રણ મકાનના ચોરીની ઘટના સામે આવી હતી. આરોપીએ સોનાના દાગીના અને રોકડ સહિત ૯૮.૫૦૦ની ઉસેડી જતા પ્રધુમનનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. ઘટના અંગે પોલીસે તપાસ કરીને ચોરીને અંજામ આપનાર એક ગઠિયાને સંકજામાં લીધો હતો.

આ બનાવ અંગે મળતી માહિતી, પોપટપરા પાસે કૃષ્ણનગર સોસાયટી શેરી નંબર પાંચમાં રહેતા સલમાબેન સિકંદરભાઈ રફાઈએ પ્રધુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, બપોરના બારક વાગ્યા આસપાસ તેઓ પોતાના ભાડાના મકાનમાં તાળું મારીને બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા. બપોરે ત્રણ વાગ્યા આસપાસ ઘરે પરત ફરતાં ઘરના દરવાજાનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. અંદર જઈને જોતા એક સુટકેસમાં મૂકેલા મુકેલી સોનાની બુટી ( કિંમત ૪૯૦૦૦) જોવા મળી ન હતી. બનાવ અંગે સલમાબેન પતિ સિકંદરભાઈને જાણ કરતાં તેઓ ઘરે દોડી આવ્યા હતા. આજુબાજુમાં તપાસ કરતા જાણવા મળ્યું કે, પાડોશી નીતુબેન સોલંકીના મકાનમાંથી પણ ચાંદીના દાગીના ( કિંમત ૧૯૫૦૦ ) અને રોકડ ૮૫૦૦ ચોરી થયા છે. તેમજ સાલમાબેનના અન્ય એક પડોશી મુમતાઝ અબ્દુલકરીમ રાઠોડના મકાનમાંથી પણ ૧૮૫૦૦ કિંમતના દાર્ગીના અને ૩૦૦૦ ની રોકડ ચોરી થઈ હતી.

ઘટનાને લઈને પ્રધુમનનગર પોલીસ મથકના પીઆઈ વિક્રમ વસાવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ રાણીંગાની ટીમે તપાસ હાથ ઘરી ગઠિયાને સંકજામાં લીધો છે. પોલીસ સૂત્રોના કહેવા મુજબ, આરોપી રખડતો ભટકતો અને નશાની ટેવ વાળો છે ત્યારે નસો કરવા માટે પૈસા ન હોવાથી આ ચોરીને અંજામ આપયો હતો જો કે પોલીસે વધુ તપાસ હાથ ધરી ચોરીમાં ગયેલા મુદ્દામાલ કબ્જે કરવા વધુ તપાસ હાથ ધરી છે.

## સામા કાઠે બુટલેગરે ઈન્દોરથી મોંઘેરા દારૂની ખેપ મારી'ને ઝડપાઈ ગયો



### બાંધેલા ગ્રાહકોને જ બોટલ આપતો: બે વખત સફળ હતાં બીજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં એક બુટલેગર ઈન્દોરથી મોંઘેરા દારૂની ખેપ મારીને રાજકોટ પહોંચતા જ પીસીબીની ટીમે તેને દબોચી લઈ દારૂ કબજે કર્યો હતો. પોલીસને શંકા ન જાય એટલે બુટલેગરે કારની પાછળની સીટમાં ચોરખાનું બનાવી તેમાં દારૂ છૂપાવ્યો હતો.

પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.આર.ગોંડલિયા, એમ.જે. હુણ સહિતની ટીમે કાલાવડ રોડ પર ઓવરબ્રિજ નીચે પે એન્ડ પાર્કિંગમાં પડેલી શંકાસ્પદ ટોયોટા કાર ચેક કરતાં પહેલાં તો તેમાંથી કશું મળ્યું ન્હોતું પરંતુ ચોક્કસ બાતમી હોવાને કારણે આખી કાર ફેંદી નાખી હતી છતાં એક ઝાટકે દારૂ હાથમાં આવ્યો ન્હોતો. જો કે ચોરખાના ઉપર નજર પડતાં તેને ખોલીને ચેક કરતાં જ અંદરની મોંઘેરા દારૂનો જથ્થો મળી આવતા પરેશ ભરતભાઈ જોગી (રહે. દૂધસાગર રોડ)ની ધરપકડ કરી ૧.૫૦ લાખનો દારૂ તેમજ કાર સહિત ૨.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પૂછપરછમાં ખુલ્યા પ્રમાણે પરેશ ડ્રાઈવિંગનું કામ કરતો હોવાથી અનેક રાજ્યોમાં જતો હતો. અગાઉ બે વખત ઈન્દોર ગયો હોવાથી ત્યાંથી આ પ્રકારે દારૂ લાવી રાજકોટમાં વેચી નાખતો હોય પોલીસના હાથમાં આવી રહ્યો ન્હોતો જેના કારણે તેની હિંમત વધી ગઈ હતી અને ત્રીજી વખત ખેપ મારી હતી આ વખતે તે પકડાઈ ગયો હતો.

## સોની વેપારીનું ૧.૦૫ કરોડનું કાચુ સોનું લઈ બંગાળી કારીગર ફરાર

### દાગીના બનાવવા આપેલ કાચા સોનાની છેતરપિંડી આચરનાર શખ્સની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ એક સોની વેપારીનું કાચુ સોનું લઈ બંગાળી કારીગર ફરાર થઈ ગયો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેમાં એરપોર્ટ રોડ પર રહેતા અને સોનીકામ કરતા વેપારીએ બંગાળી કારીગરને ૯૩૬,૦૪૦ ગ્રામ કાચુ સોનું કિ.રૂ.૧.૦૫ કરોડના દાગીના બનાવવા આપેલ હોય પરંતુ કારીગરે સોનું કે દાગીના પરત ન આપી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કારીગરની શોધખોળ હાથ ધરી છે.

એરપોર્ટ રોડ પર ગ્રીનપાર્ક સોસાયટી શેરી નં ૦૧માં રહેતા અને સોની બજારમાં આવેલ વ્રજ શાંતી ગોલ્ડ પેલેસ કોમ્પ્લેક્ષમાં પહેલા માળે ''ભગ'' જવેલર્સ નામની દુકાનમાં સોનીકામ કરતા જીજ્ઞેશભાઈ ચનાભાઈ અજાણી ઉ.૩૯એ એ ડીવીઝન પોલીસમાં મૂળ પશ્ચિમ બંગાળના હાલ શહેરના ભગવતીપરામાં રહેતા અશોક રૂપચંદ મૈત્ય સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે અશોક સોનાના દાગીના બનાવવાનું કામ કરતો હોવાથી તેની સાથે બારેક વર્ષથી પરિચીત છું.છેલ્લા છ માસથી હું અશોકને કટકે-કટકે સોનાના દાગીના બનાવવા ૨૨ કેરેટ સોનું આપતો હતો. અને તે દાગીના બનાવી આપતો હતો.ગત. ૨૦/૧૦ના મારે શખસ પાસેથી ૧૩૭૬.૦૪ ગ્રામ ૨૨ કેરેટ સોનું દાગીના બનાવવા માટે આપેલ હોય તે લેવાના બાકી હતા.જેથી હું ગત ૨૦ના ઘરે હતો ત્યારે શખસની દુકાને કામ કરતો કારીગર ગુરૂનો કોલ આવ્યો અને કહ્યું કે અશોક દુકાને આવેલ નથી અને ઘરે પણ તાળુ મારેલ છે.

જેથી હું દુકાને જઈ તપાસ કરતા ત્યાંના કારીગરે ૪૪૦ ગ્રામના સોનાના દાગીના આપેલ બાકીનું સોનું શખસ લઈ ગયેલ હતો. બે દિવસ પછી તેની પત્નીને ફોન કરતા તેણે શખસના બીજા નંબર આપેલ હોય જેથી તેની સાથે વાતચીત કરતા શખસે કહ્યું કે હું કરજામાં આવી ગયેલ છું.બાકીનું સોનુ થોડા દિવસમાં આપી દઈશ તેમ વાત કરેલ હતી.બાદ તેનો અવાર નવાર સંપર્ક કરતા ફોન બંધ આવેલ હોય આમ અશોકે બાકીનું સોનું ૯૩૬.૦૪૦ ગ્રામ કિ.રૂ.૧.૦૫.૬૯. ૦૦૦ દાગીના બનાવવા લઈ જઈ દાગીના કે સોનુ પરત ન આપી છેતરપીંડી આચરી હોવાનું જણાવતા પીએસઆઈ એચ.એન.જેઠવાએ ગુનો નોંધી કારીગરની શોધખોળ હાથ ધરી છે.

## મંગળા રોડના ફાયરીંગ પ્રકરણમાં મરઘા ગેંગના સુત્રધાર સહિત ત્રણેય શખ્સો નો પોલીસે વરઘોડો કાઢી કાયદાનું ભાન કરાવ્યું

### નાસતા ફરતા પાંચ સાગરીતો પોલીસના સકંજામાં; આશરો આપનાર અને મદદ કરનારનું પણ આવી બનશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મંગળા રોડ પર પેંડા અને મરઘા ગેંગ વચ્ચે થયેલા સામસામે અંધાધૂંધ ફાયરિંગ મામલે પોલીસે પેંડાને ઝડપી લીધા બાદ બાદ મરઘા ગેંગના સુત્રધાર સમીર ઉર્ફે મુર્ગો યાશીનભાઈ પઠાણ, શાહનવાજ ઉર્ફે નવાજ મુસ્તાકભાઈ વેતરણ અને સોહીલ ઉર્ફે ભાણો સિકંદરભાઈ ચાનીયાને પણ ક્રાઈમ બ્રાંચ ઝડપી લઈ એસઓજીના હવાલે કાર્ય હતા. એસઓજીની ટીમે આજે ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. મરઘા ગેંગના મરઘાઓને એસઓજીએ કુકડા બનાવી જાહેરમાં સરઘસ કાઢી રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ ઘટનામાં પોલીસે અત્યાર સુધી બન્ને ગેંગના ૨૦ આરોપીની ધરપકડ કરી છે. તેમજ આશરો આપનાર મદદ કરનાર અને હથિયાર સપ્લાય કરનાર અંગે માહિતી મેળવવા એસ ઓજીએ રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

ગુનામાં હજુ ફરાર મરઘા ગેંગના અન્ય પાંચ સાગરીતોને ફરાર હોય જેને ઝડપી લેવા પોલીસે તપાસ ચાલુ રાખી છે ગત ૨૯ ઓક્ટોબરના રોજ મંગળા રોડ પર પેંડા અને મરઘા ગેંગ વચ્ચે થયેલા સામસામે અંધાધૂંધ ફાયરિંગના કેસમાં ઝડપાયેલા સમીર ઉર્ફે મુર્ગો યાશીનભાઈ પઠાણ, શાહનવાજ ઉર્ફે નવાજ મુસ્તાકભાઈ વેતરણ અને સોહીલ ઉર્ફે ભાણો સિકંદરભાઈ ચાનીયાને સાથે રાખી એસઓજીએ આજે ઘટના સ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. મરઘા ગેંગના મુરઘાને જાહેરમાં કુકડા બનાવી પોલીસે તેની હવા કાઢી નાખી હતી. ગુનાહિત માનસિકતા ધરાવતા અન્ય તત્ત્વોમાં કાયદાને ડર પેદા થાય તે માટે પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ફાયરિંગની ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ કેસમાં અત્યાર સુધીમાં આ ગેંગવોર મામલે કુલ ૨૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુનાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે કાયદાનો કડક હાથે અમલ કરવા માટે પેંડા ગેંગના ૧૭ આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. મરઘા ગેંગના આરોપીઓ પર પણ આ જ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. પકડાયેલ સમીર ઉર્ફે મુર્ગોયાશીનભાઈ પઠાણ સામે ૧૨ શાહનવાજ ઉર્ફે નવાજ મુસ્તાકભાઈ વેતરણ સામે ત્રણ અને સોહીલ ઉર્ફે ભાણો સિકંદરભાઈ ચાનીયા સામે ૪ ગુન્હા નોંધાયેલ છે. ફરાર થયા બાદ મદદ કરનાર અને આશરો અને હથિયાર આપનારની પણ એસઓજી ધરપકડ કરશે.

## આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાંચ સ્થળોએ દેશી દારૂના હાટડા પર ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમ ત્રાટકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પછાત વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂના હાટડા ધમધમી રહ્યા હોય ત્યારે સ્થાનિક પોલીસની શંકાસ્પદ કામગીરીના કારણે ઉચ્ચ અધિકારીઓ દ્વારા અન્ય મહત્વની બ્રાન્ચની ટીમોને દરોડા પાડવા અંગે સુચના આપવામાં આવતી હોય છે. ત્યારે ગઈકાલે આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની સુચનાથી પીએસઆઈ બી.વી.ચુડાસમા, એએસઆઈ મનરૂપગીરી, હેડ કોન્સ. હિતેષભાઈ પરમાર, કોન્સ. રવિરાજભાઈ પટગીલ સહિતના સ્ટાફે અલગ-અલગ પાંચ સ્થળોએ દેશી દારૂના હાટડા પર દરોડા પાડયા હતા. જેમાં ગુલાબનગર મેઈન રોડ સાઈબાબા સર્કલ પાસે મિત્તલ કિશોર સનુરા નામની મહિલાને ૧૪૦૦ રૂપિયાના દેશી દારૂ સાથે દબોચી લેવાઈ હતી. જયારે સ્વાતીપાર્કની સામે લક્ષ્મી કરશન સાડમીયાને ૧૪૦૦ રૂપિયાના દેશી દારૂ સાથે તથા રણુજાનગર હુડકો ચોકડી પાસે જયશ્રી અમરશી સોલંકીને ૧૦૦૦ રૂપિયાના દેશી દારૂ સાથે તથા લાપાસરી રોડ પર વેલનાથપરામાં વિક્રમ ઉર્ફે ગડો સુકા કાલીયાને ૩૦૦૦૦ ના દેશી દારૂ સાથે તથા કોઠારીયા સોલંવટ નારાયણ કાઠા પાસે રાજુ દદુ સાડમીયાને ૧૦૦૦ રૂપિયાના દેશી દારૂ સાથે દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## ઘરેથી નીકળી ગયેલ મહિલાનું પતિ સાથે મિલન કરાવતી અભયમ ટીમ મોરબી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૧૨/૧૧/૨૦૨૫ના રોજ રાત્રે એક સજ્જન વ્યક્તિ દ્વારા ૧૮૧ માં ફોન આવેલ કે એક મહિલા મળી આવેલ છે માટે મદદની જરૂર છે

ત્યારબાદ કેસ આવતા ની સાથે જ તાત્કાલ ૧૮૧ ટીમ ઘટના સ્થળે પહોંચેલ ૧૮૧ ટીમના કાઉન્સેલર સેજલ પટેલ કોન્સ્ટેબલ ખ્યાતીબેન પાયલોટ મહેશભાઈ તે મહિલા સુધી પહોંચેલ તે સજ્જન વ્યક્તિએ જણાવેલ કે મહિલા ક્યારના એકલા ઉભા હોય તેમજ રડતા હોય ત્યારબાદ સૌ પ્રથમ મહિલા ને સાંત્વના આપી ધીરજ સાથે કાઉન્સિલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે તેઓ મૂળ ઉત્તર પ્રદેશના હોય અહીંયા તેઓ તેમના પતિ સાથે એક કંપનીમાં કામ કરવા માટે આવેલ હોય પરંતુ પતિ સાથે ઝઘડો થતા તે તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય મહિલાએ જણાવેલ કે તેવો હાલ જ્યાં રહેતા હોય ત્યા તેમને થોડા જ દિવસ થયેલ હોવાથી તે રસ્તો ભૂલી ગયેલ હોય પરંતુ તેમના પતિ જે કંપનીમાં કામ કરતા હોય તે કંપનીનું નામ તેમને યાદ હોવાથી આજુબાજુના વિસ્તારમાં પૂછપરછ કરતા મહિલા ના પતિ જે કંપનીમાં કામ કરતા હોય તે મળી આવતા મહિલાને સલાહ સુચન માર્ગદર્શન આપેલ સમજાવેલ કે હવે પછી તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળશે નહીં ત્યારબાદ તેમના પતિ નું કાઉન્સલિંગ કરતા તેમણે જણાવેલ કે તેમની પત્ની જાણ કર્યા વગર નીકળી ગયા બાદ આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની પત્ની બાબતે પૂછપરછ કરેલ પરંતુ કાંઈ ખબર મળે નહીં પોતે પણ ચિંતિત હતા ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા તેમના પતિને સલાહ સુચન માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપેલ તેમજ તેમની પત્ની જોડે ઝઘડો ના કરવા જણાવેલ અને હવે પછી તેમની પત્ની નું ધ્યાન રાખે જેથી હવે પછી આવી રીતે ઘરેથી ના નીકળે તેમજ મહિલાએ પણ જણાવેલ કે હવે પછી તેમના પતિને કહ્યા વગર ક્યારેય નીકળશે નહીં તેવું જણાવેલ અને રાજી ખુશીથી તેમના પતિ સાથે રહેવા જણાવેલ આમ મહિલાનું પતિ સાથે મિલન કરાવેલ મહિલાના પતિએ સહી સલામ તેમના ઘરે પહોંચાડવા બદલ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો.

## પડધરીના ખાખરાગામે લગ્નના ૧૫ દિવસમાં જ યુવતીએ કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના ખાખરા ગામે લગ્નના ૧૫ દિવસમાં જ પરણિતાએ ઝેરી દવા પી લેતા તેણીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેણીએ દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. મળતી માહિતી મુજબ, મૂળ દાહોદના વતની અને પડધરી તાલુકાના ખાખરા ગામે સવજીભાઈની વાડીએ મજૂરી કામ માટે આવેલા વિનોદભાઈ અહનીયાની પત્ની સોનલ બુધવારે બપોરે ૧૨ વાગ્યા આસપાસ વાડીએ ઉલટી કરતા પરિવાર દ્વારા પડધરીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેણીએ દવા પીધી હોવાનું સામે આવ્યું હતું. જે બાદ તેણીને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા અહીં દમ તોડી દીધો હતો.

ઘટના અંગે જાણ થતાં પડધરી પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી આવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક સોનલના જેઠાણી લલિતાબેનના જણાવ્યા મુજબ, સોનલ અને વિનોદના લગ્ન ૧૫ દિવસ પૂર્વે થયા હતા અને ત્યારબાદ છેલ્લા ૧૦ દિવસથી તેમનો પરિવાર અહીં મજુરી કામે આવ્યો હતો. બુધવારે સવારે સોનલે તાવ આવે છે તેવું કહેતા લલિતાબેનને આરામ કરવાનું કહ્યું હતું અચાનક સોનલ ઊલટી શરૂ કરતા શું થયું તે પૂછતા કંઈ જવાબ આપ્યો ન હતો ડોક્ટર પાસેથી જાણવા મળ્યું કે સોનલે દવા પીધી છે. બનાવને લઈને પોલીસે વતનમાં રહેતા સોનલના માવતરીયાને જાણ કરી છે.